માસિક Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૨૮ ● જુલાઈ ૨૦૨૬
Volume no. 19, • Issue No. 228 • July 2026



રાજોપચાર પૂજન







પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં અધિક માસના ઉત્સવોની ઝાંખી



પૂ.ગાદીવાળાશ્રીની નિશ્રામાં હવેલીમાં મેડિકલ કેમ્પ



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૨૮ ● જુલાઈ-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી અમૃતવચનો ૦૬

૦૪. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી ૧૧

૦૫. દેશ વિભાગના લેખને આધારે સંપ્રદાયનું બંધારણ ૧૫

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૮

૦૭. ભક્તિસુધા ૧૯

૦૮. સત્સંગ સમાચાર ૨૨

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૩,૨૭૪૯૯૫૯૩
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર


શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



શ્રી સ્વામિનારાયણ

અસ્મદીયમ્

અધિક જેઠ પવિત્ર પુરૂષોત્તમ માસમાં વર્ષ દરમ્યાન આવતા આપણા ઉત્સવો-પાટોત્સવ, જન્મોત્સવ, અન્નકૂટોત્સવ, મહાપૂજા, મહાભિષેક, રાજોપચાર, તુલસીવિવાહ એમ વિવિધ ઉત્સવો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના સાંનિધ્યમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ ખૂબજ વિવિધતા સભર, અલૌકિક અને ભવ્યતાથી ઉજવાયા. હજારો ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની નિશ્રામાં હવેલીમાં પણ ભવ્ય ઉત્સવ, કથા, કીર્તન, ભક્તિ આદિ કાર્યક્રમ અધિક માસમાં વિશેષરૂપે થયા. જેમાં હજારો બહેનોએ લાભ લીધો હતો.

શ્રી નરનારાયણદેવ દેશમાં ઉત્સવ-સમૈયા સતત ચાલતા રહે છે. ત્રણ જેટલી તો કથા પારાયણ પ્રસાદીના સભા મંડપમાં એક મહિનામાં થઈ હતી.

આગામી ઉત્સવોમાં હિંડોળા દર્શન, ચાતુર્માસ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ અષાઢ વદ-૧૦ ના ભવ્યતાથી ઉજવવામાં આવશે.

આપણા હરિભક્તો ને પણ ખૂબ ધન્યવાદ છે કે દરેક ઉત્સવોમાં યજમાન બનીને મહા લાભ લીધો. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે કે આપના સાંનિધ્યમાં સતત ને સતત આવા ઉત્સવો - મહોત્સવો માણવાનો આપના ભક્તોને અવિરત લાભ આપતા રહેજો.

ખાસ દરેક હરિભક્તોને ઘેર દેશ વિભાગના લેખની પુસ્તિકા અવશ્ય હોવી જોઈએ. જેમણે ન લીધી હોય તેમણે અમદાવાદ કાલુપુર મંદિરથી (નિઃશુલ્ક) મેળવી લેવી. પ.પૂ. લાલજી મહારાજશ્રીની ખાસ આજ્ઞા છે.

શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ ની શ્રીહરિની આજ્ઞા મુજબ હરિભક્ત માત્રે દશાંશ વિશાંશ ધર્માદો પોતાની આવકમાંથી કરીને શ્રી નરનારાયણદેવના અમદાવાદ મંદિર કોઠારમાં પાકી પહોંચ મેળવી લેવી. હજુ ઘણા જ હરિભક્તો એવા છે કે મહારાજની આ આજ્ઞાનું પાલન નથી કરતા. તેમને એટલું સમજવું કે આજે સુખ મળ્યું છે તે ફક્તને ફક્ત શ્રી નરનારાયણદેવની કૃપાએ મળ્યું છે. જેથી ખટકો રાખીને ઉપરોક્ત આજ્ઞાનું પાલન કરશો તો વિશેષ સુખ પ્રાપ્ત થશે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૨૬)

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પારાયણ પ્રસંગે પધરામણી.
૧૧ એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૮ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૯-૨૨ સર્વોપરી છપૈયાધામ સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
૨૫ એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૨૮ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સપન્ન થયું.
૨૯ પૂનમના રોજ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સત્સંગ સભામાં પધાર્યા.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૨૬)

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પારાયણ પ્રસંગે પધરામણી.
૭ લુણાવાડા ગામે પધરામણી.
૧૧ એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૮ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૯-૨૨ સર્વોપરી છપૈયાધામ સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
૨૬ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સંત મંડળની મિટિંગમાં પધાર્યા.
૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ''ત્યોહાર''ના આયોજન પ્રસંગે પધરામણી.
૨૮ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સપન્ન થયું. શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં વૃક્ષારોપણ નિમિત્તે આયોજીત મિટિંગ પ્રસંગે પધરામણી.
૨૯ પૂનમના રોજ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સત્સંગ સભામાં પધાર્યા.

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી

અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોળકા ૧૯૯ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૦૭-૦૫-૨૦૨૬ : મોરલી મનોહર દેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૯૯ મો પાટોત્સવ, હવે આવતી વખતે આપણો ચાન્સ લાગે કે ના લાગે. તમે હસો છો પણ સાચી વાત છે કારણ કે ભીડ એટલી હોય કે દર્શન કરવાનું અઘરું પડી જાય. તમે બીજુ સમજો છો, તમે પ્રવચન ન કર્યું એટલે આપણે ઉકલી નથી જવાનું. **આ જ કરવાનું છે. જીવતાયે આ જ કર્યું છે ને કદાચ દેહ પડી જાય તોય એજ કરવાનું છે અને પાછો જન્મ થાય તોય આ જ કરવાનું છે. એટલે ચિંતા નથી.**

મને કો'કે મહારાજની વાત કરી હતી. મહારાજને ખીજાયા હતા ને કે હું તમને... મનેય ભટકાયા થા. કહે, હું મરી જઈશ તો તમને જ વળગીશ. મને વળગવા લાયક શું છે ? મને વળગવા લાયક નથી કંઈ અંદર. ભૂત બૂતમાં હું માનતો નથી. **ભગવાન સિવાય કોઈ વસ્તુમાં મને રસ છે નહી.**

હમણાં હું આવ્યો ત્યારે સંતોમાંથી કો'ક પ્રવચન કરતા હતા કે આ યુવાન સંત એસ.એસ. સ્વામી..... મહંતને કીધું મેં યુવાન નહીં કરે તો કોણ કરશે ? યુવાનોમાં જે મહેનત કરવાની ક્ષમતા અને ધગશ હોય એ સદુપયોગ છે ને ? આજે તમારા દીકરા-દીકરીઓ મહેનત કરે, જે ઉંમરમાં જે કાર્ય કરવાનું હોય એ કરે તો તમને આનંદ થાય ને? અને જો ઘરમાં બેસી રહે તો શું કરો તમે ? આપણે કંઈ કરવાનું થાય જ નહી.



પ્રહલાદભાઈ હસે છે બેઠા બેઠા. પંકજ કામ ન કરતો હોય તો પ્રહલાદભાઈ અહીં ન હોત. આજે અફકોર્સ એસ.એસ. સ્વામીએ અહીં રહીને જે ખૂબ ઉન્નતિ પ્રગતિ કરી છે. લોન-બોન લીલોતરી ઝાડવા ઘણા ઉગાડ્યા છે અને એની સાથે સાથે હરિભક્તોની લીલોતરી વધી છે. એમાં આટલા બધા સંતોનો સહયોગ ને સાર સંભાળ મળતા રહે છે.

આપણા મોરલી મનોહરદેવનો ૨૦૦ મો પાટોત્સવ સરસ આવશે. મહારાજે આપણને ખાસ કરીને આ ભાલ પ્રાંત છે હો. ભાલ ને નળકંઠો, બધા ભેગા આવે છે. કેમ કે અમારી પાછળ ભગત (વનરાજ ભગત) ઉભા છે બળોલ, એમને પહેલા ધોળકા પ્રાંત આવતો હતો પણ પછી મૂળી વાળાને બધાને ઘઉં ચણા ઓછા પડ્યા એટલે ઉઠમણા કરેલા. શું ? માંગ્યા વિના ? માગ્યા વિના તો માએ ના પીરસે! માગેલું કે અમારે ઓછું પડે છે. હાચી વાત છે ને ભગત ? 'હા'... જો આ પ્રત્યક્ષ વાત છે ને ? ઈતિહાસની વાત મારા જોડે કરશો જ નહી તમે. હું સાત પેઢીનો નિચોડ કાઢીને બેઠો છું બધો. એટલે એવું નથી પણ **રાધાકૃષ્ણદેવ એય (મૂળી) છે અને રાધાકૃષ્ણદેવ (મોરલી મનોહરદેવ, ધોળકા) આય છે. પ્રાંત પ્રાંત પ્રમાણે આપ્યા છે. મહારાજે ભાલ નળકંઠો આખાને સુખી કર્યો હોય તો આ મોરલીમનોહરદેવ હરિકૃષ્ણ મહારાજે.** આપણે શું કરી શકીએ ? બીજું કંઈ થાય નહી પણ થોડા સમય પહેલા અમે સ્વામીને વાત કરી જગ્યા લેવાની, આજુબાજુની જગ્યા લેવાય એનો વિસ્તાર થાય, ડાયરેકટ

એકસેસ (પ્રવેશ) મળી જાય અને એના માટેનું કામ ઉમંગ ને ઉલ્લાસથી કરે છે. ચિંતા કરશો નહી સ્વામી ! ભગવાન બધુ ગોઠવી આપશે. ઓછું વત્તુ થાય એ મંદિર ઉભું છે. આપણું જ મંદિર છે. ચિંતા કરવાની છે જ નહિ.

ખાસ તો તમારે માથા ઉપર પરસેવો લૂંછવો ન પડે એટલા માટે જાન્યુઆરીમાં સરસ ઉત્સવ થાય અને **એવો ઉત્સવ થાય કે આપણા દેવ રાજી થાય.** હું તો એવું માનું છું, ઘણી વાર બોલાતું હોય છે કે ન ભૂતો ન ભવિષ્યતિ, આવો ઉત્સવ થયો, તેવો ઉત્સવ થયો પણ ઉત્સવ તો થવાના જ છે. દ્વિશતાબ્દી થયો ત્યારે બધા કહેતા હતા, ન ભૂતો ન ભવિષ્યતિ, પછી એનાથી સારો થયો, ષષ્ઠી પૂર્તિ થયો ત્યારે પણ એવું કહેવાતું હતું ન ભૂતો ન ભવિષ્યતિ, પછી ત્રીજો થયો, ચોથો થયો, પાંચમો થયો. પૂરું જ થતું નથી એટલે આપણે ભાગ્યશાળી છીએ. **આ સ્વામિનારાયણ સંપ્રદાય એ ઉત્સવ સમૈયા પ્રધાન સંપ્રદાય છે અને આપણી પાસેથી સરકાર શીખી છે, આ હકીકત છે. આ ભારત સરકારમાં ખાસ કીરને જ્યારે ગુજરાત સરકારમાં આ ટીમ હતી તો આપણા સંપ્રદાયમાંથી ઘણો ગુણ લીધો છે. જો જીવતું રાખવું હોય, જો સમાજને જીવંત રાખવો હોય તો એ સ્વામિનારાયણ ભગવાન ઉત્સવ-સમૈયા ઉપર એટલા માટે ભાર આપતા હતા. શિક્ષાપત્રીમાં મહારાજે કીધું, અમારા આશ્રિત જે ધનાઢ્ય હોય એમણે ઉત્સવ સમૈયા કરવા. તો આપણે શું કરી શકીએ પણ આજે બે માણસને ભગવાનનો ગુણ આવે એવા કાર્ય કરીએ કે જેથી કરીને એનામાં દેવનો મહિમા વધે.** તમે બધા સંતો, હરિભક્તો, દીકરા-દીકરીઓ મહેનત કરો છો.

ખાસ કરીને આ ધોળકા એમા આમ બધા હળંગ જતા હોય, આમ જાય તેમ જાય, ધોળકા સાઈડમાં પડી ગયું હોય એવું લાગે એટલે **બધાને કેન્દ્ર સ્થાન થઈ જાય એવા રોડ રસ્તા સીધા થયા છે અને રોડ રસ્તા નહી આવે તો કરીશું. કારણ કે મહારાજે જે નવ મંદિર સ્થાપિત કર્યા એ પૈકી આ ધોળકા આપણું મંદિર છે. આપણે ભાગ્યશાળી છીએ કે નવમાંથી પાંચ મંદિર આપણને અમદાવાદ દેશને મળ્યા છે. ક્યાં પાંચ મંદિર ? તો અમદાવાદ આવે, ભૂજ, મૂળી, જેતલપુર ને ધોળકા બોલો ! બાકી કેટલા રહ્યા ? વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા.** ગઢડા તો અડધું ગણાય. મહારાજ વાસુદેવાનંદ સ્વામીને કહીને રાતે જતા રહ્યા હતા. એમ ના કહેશો કે આ ઈતિહાસ ખોટો છે. પણ જો આમા શ્રધ્ધા એટલા માટે છે, હું નકારતો નથી ક્યારેય. ૧૨ કહેશો તો ૧૨ કરીશ, ૫૦ કહેશો તો ૫૦ કરીશ, નહી હોય તો જોડી આપીશ. વસ્તુ એ છે કે મહારાજના મહિમાનો વિષય છે. કોઈ ગામની વાત આવેને કે કો'ક ગામમાં કોઈ જાતનો એક પાણો મળે, એના ઉપર જરીક સિંદુર મળ્યું હોય તો ગામલોકો શ્રધ્ધાપૂર્વક એને હનુમાનજીનું સ્વરૂપ કરી નાખે છે તો આપણે નકારતા નથી કારણ કે બધી વસ્તુમાં ભગવાન રહેલા છે. શ્રધ્ધા હોય એને ક્યાંય જોડાવા માટે કોઈ સ્વરૂપ જોઈએ છે. પછી એ આકારમાં હોય છે, નિરાકારમાં હોય છે. મહારાજે બેય વસ્તુ વચનામૃતમાં કીધી છે. અન્વયપણું કીધું છે અને વ્યતિરેકપણું કીધું છે. મૂળ સ્ત્રોત જોઈએ છે જોડાવા માટે. તો **આપણને તો મહારાજે આવા રૂડા રૂપાળા દેવ પ્રસ્થાપિત કરીને આપ્યા છે. અને આ કાષ્ઠની મૂર્તિ (ઘનશ્યામ મહારાજ) ગણતરીની છે. હવેલીમાં છે, આપણા રંગમહોલમાં, મૂળીમાં અને અહીં ધોળકામાં છે, કાષ્ઠની લાકડાની મૂર્તિ અમદાવાદ દેશમાં ત્રણ જ જગ્યાએ છે. આપણે ભાગ્યશાળી છીએ.** સ્વામી સિંહાસનનું કહેતા હતા. મેં કીધું, કરી જ દો. ચિંતા કરશો જ નહી. ભગવાન માટે તો છે અને ભગવાન માટે કરવાનું છે. શું ચિંતા છે ?

જગ્યાનું સ્વામી કહેતા હતા તો અધ્યક્ષ આવી જાય, લાલજી મહારાજશ્રી આવી જાય એટલે એય નક્કી થઈ જશે. તમારે બધાએ ઉત્સાહ અને ઉમંગથી હવે કમર કસીને તૈયાર થઈ જવાનું છે અને એ કામ કરવાની મજા જુદી હોય છે. **આપણે આજે જે "ત્યોહાર" છે એમાં નાનું મોટું કામકાજ કરીએ. શરીરથી, સમયથી, પૈસાથી કે ગમે તે રીતે યોગદાન આપેલું હોય અને ખાસ કરીને સમય પહેલેથી આપ્યો હોય તો એમાં જે મમત્વ અને પોતાપણું થાય છે એ જુદું જ હોય છે. સમય આપો એટલે મન આવે, બીજું આવે, ત્રીજું આવે, બધું આવે અને સમય આપવા માટે પ્રથમ મનને તૈયાર કરવું પડે એટલે "ત્યોહાર"માં બહેનો દીકરા-દીકરીઓ આપણે બધાએ ખૂબ મહેનત કરીને ભગવાનને રાજી કરવાના છે. ભગવાન આપણા છે. એના માટે આપણે કાર્ય કરવાનું છે.**

આજના યજમાન પરિવાર, ત્યોહાર જેની આપણે રાહ જોઈ રહ્યા છીએ એમાં સંકલ્પ કર્યો છે એ પરિવાર, આ પ્રાંતના સર્વે ભક્તજનો એકત્રિત થયા છો. સૌના ઉપર ભગવાન ખૂબ આશીર્વાદ પાઠવે, દરેક પ્રકારે સુખિયા કરે અને સરસ ઉત્સવ થાય એના માટે આજથી તૈયારી ચાલુ કરી દો. મનથી ચાલુ કરી દો, સાઈટ ઉપર આપણે ૧૫ દા'ડા-મહિના પછી ચાલુ કરીશું, જેથી બીજા પ્રોગ્રામ બંધ થાય. દોડા દોડી કરાવીને, ગામડા ફરીને અમને થકવી નખાય છે. હમણા હમણા તો ૧૦ દિવસમાં પાંચ વખત કચ્છ જઈ આવ્યા. તમે તાળીઓ પાડો છો પણ અમારી કેડો ભાંગી ગઈ. એક ઉંઘે સવાર થઈ જાય. દેહ છે, શું થાય ? તમને એમ થાય, મઝા કરીએ છીએ, મઝા તો કરીએ જ છીએ. હમણા આપણા સ્વામીએ જ કીધું, હાર લાવ્યા હતા, કહે, આ હારની પણ ગરમી થાય પણ એની સુગંધથી ટાઢક થઈ ગઈ. (મોગરાના ફુલનો હાર).

ગઈકાલે પેટ્રોલ પંપ પર મહંત ઉભા હતા, કહે, કેટલી બધી ગરમી છે ? **મેં કીધું, કેવી મસ્ત ગરમી છે ! જ્યાં રહેવું ત્યાં બાઝીને શું કામ છે તમારે ? બાઝવું જ હોય તો પાકિસ્તાન જોડે જઈને બાઝો ને ! પણ આ તો જો કોઈ ગરમી નથી, કોઈ ઠંડી નથી. સરવાળે આ દેહ છે, બધું લાગે. ટેવાઈ ગયા છે. કુટેવ પડી છે બધાને એરકન્ડીશનની એટલે બધું થવાનું છે. પણ મઝા એની છે (નેચરલ ગરમી સહન કરવાની) આપણા વડવાઓ આમા જ મોટા થયા છે અને આનો જેટલો ત્યાગ કર્યો છે એ દુઃખી થયા છે.** ગરમીમાં ૧ ઉપર પંખો કરીને ઉંઘવાની જે મઝા છે એ કોઈએ લીધી નથી એટલે જાણતું નથી. અને એ મઝા હું લઉં છું. એમાં જે ઉંઘ આવે એ સાચી હોય છે. સવારે ઉઠો તો કેડો ના દુઃખે. **ઍરકન્ડીશનમાં ઉઠો એટલે ઓહ્હ થઈ જાય. પ્રયત્ન કરજો, ઍરકન્ડીશન ફુલ કરીને સામે હવા આવે એ રીતે સૂઈ જજો, સવારે ઉઠજો. પછી જુઓ કેમના ઉઠો છો ? આમ પડખું ફરો એટલે અહ્હ.... એવું થઈ જાય. તમે બહાર સૂતા હો, અગાસીમાં, આમ ફર્સ્ટ કલાસ સવારે એવું ટાઢું થઈ ગયું હોય, ભગત જાણે છે. જુઓ, ટાણે ઉંઘ પણ ઉડી જાય. આ બધી પ્રાકૃતિક વસ્તુ છે. આપણે પ્રકૃતિથી જેટલા જોડાઈશું એટલી મઝા છે. ત્યોહારમાં એને એક ભાગરૂપ લઈશું.**

હવે પોણાબાર થવામાં છે, ઉનાળાનો સમય છે. તમારે લાડવામા મોડું થાય તો હારું નહી. ઉનાળામાં આફરો ખરાબ ચડે એટલે હવે ઠાકોરજી જમાડવા જઈએ. ઠાકોરજીને યાદ કરીને કોળિયા મૂકજો. **ભગવાનને જમાડો છો એ સારું છે નહી તો આજે પચેય નહી ને કાલે જીવીએ નહી, ઠેકાણું નથી. મને ને તમને બધાને ભગવાન રોટલો આપે છે.** નહીં તો આપણને સીંગ સાકરીયા મળે એવું નહોતુ. તમને જ નથી કહેતો, મારુંય કહું છું. બન્નેનું કહું છું. મહંત સ્વામીને અમે બધા બેઠા હતા. મેં અગાઉ પણ કીધું હતું આ મહંત હસે છે જો. ભગવાન ના મળ્યા હોત તો અમે છપૈયામાં ફરતા હોત અને તમે સીદી સૈયદની જાળીએ વીંટી વેચતા હોત, એવું જ હોય. **ભગવાન ના મળ્યા હોત, સત્સંગ ના મળ્યો હોત તો શું દશા હોત?** ખંભે ઓલ્યો થેલો લઈને ફરતા હોત કે કેળા ને સંતરા લઈને એય જો મળ્યા હોત સક્ષમ થયા હોત તો એ લઈને આમને તેમ ફરતા હોત. એ તો સારું છે કે આપણા વડવાઓએ ખૂબ મહેનત પરિશ્રમ કરીને આ વારસો આપ્યો. સત્સંગ રાખ્યો. ભગવાનને રાખ્યા તો અહીંયા સુધી આવ્યું. આ બહુ મોટી વાત છે. એ **આપણા માવિતરને ધન્યવાદ સમજો. ઘણીવાર એય ભૂલી જવાય છે. પેટ ઉપર પાટા બાંધીને સત્સંગ રાખ્યો. કેટલુ સહન કર્યું. નાત બહાર કર્યા છે, સંપ્રદાયનો ઈતિહાસ છે તો પણ સત્સંગ રાખ્યો** ત્યારે આપણે આજે આવી ગાડીઓમાં ફરીએ છીએ. ગાદી તકિયા ગાલ મશૂરીયા મળ્યા છે ભગવાનની કૃપાથી. એકઝેટ પોણા બાર થયા છે. હવે વધારે સમય નથી લેવો, જય સ્વામિનારાયણ.

શ્રી સ્વામિનારાયણ મંદિર, જામફળવાડી ૧૩ મો પાટોત્સવ એવમ્ પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ : આ વિસ્તારના આપણા હરિભક્તો ભાગ્યશાળી છે. સ્વામીએ હમણા કીધું, નાનું છે, નાનું તો ના હોય. **ભગવાનનું સ્વરૂપ નાનું હોય, મોટું હોય, એનાથી શું ફેર પડે ?** આટલા નાના લાલજી હોય, મોટા ભગવાન કરી નાખો, બહુ મોટા કરો, ત્રણ માળ ના કરો. **ભગવાન એ ભગવાન છે. મહારાજ પોતે ઘેરથી નીકળ્યા ત્યારે શાલીગ્રામ ભગવાનને લઈને નીકળ્યા હતા. આટલા નાના હોય છે. જે પૂજામાં રાખીએ છીએ અમે. આપણો ભાવ કેવો છે, આપણું પ્રત્યક્ષપણું કેવુ છે એ મહત્વની વસ્તુ છે.**

નરનારાયણદેવની મૂર્તિ, એ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા છે. આ મારી વાત નથી. મહારાજે કીધું છે. જેની કંઠી પહેરીએ છીએ, જેનો તિલક ચાંદલો કરીએ છીએ એ મહારાજની આજ્ઞા છે, મહારાજે વચનામૃતમાં જ આ વાત કરી છે. જ્યારે શિક્ષાપત્રી નહોતી. શિક્ષાપત્રી મહારાજે પ્રગટ થયા એના પછી ૪૫ વર્ષે આપી. અંતર્ધાન થયા એના ચાર વર્ષ પહેલા આવી. વચનામૃત છે એ જૂના છે તો **વચનામૃતની અંદર મહારાજે આજ્ઞા કરી છે અને એ શિક્ષાપત્રી પહેલાની આજ્ઞા છે. એ વખતે મહારાજે કોઈ દેશનો વિભાગ કર્યો નહોતો અને કોઈ મારું ને તારું નહોતું.** અત્યારે બધુ ભૂત જાગ્યું છે આપણને, એ વખતે નહોતું. નવા બધા ભૂતના નાટકો જાગ્યા છે અત્યારે. જેમ મોટું થાય એમ નાટક વધી જાય. એ વખતે નરનારાયણદેવની મૂર્તિ જેની ઓરિજીનલ છાપો, જેનાથી એ મૂર્તિ બનતી હતી, એ વખતે પ્રિન્ટ જોબ તો હતા નહી, પ્રિન્ટર નહોતા કે ફોટા નહોતા કે કંઈ નહોતુ. એટલે કાષ્ઠની અંદર એનું બીબું બનાવ્યું પછી ડાઈ હોયને, વેજીટેબલ કલરની ડાઈ આવતી જે આજે પણ મ્યુઝિયમમાં છે. કો'કવાર દર્શન કરજો. મ્યુઝિયમ જતા હોય ત્યારે એવું થાય કે પડ્યું છે તો પડ્યું છે આ બધુ મ્યુઝિયમમાં પણ અમૂક વસ્તુ બહુ ઐતિહાસિક હોય છે. એના ઉપર છાપ આપીને, ઘણા વસ્ત્રમાં હોય, ઘણાં કાગળ ઉપર હોય એમ બધાને સંતોને હરિભક્તોને બધાને આપી. **અને એવી ઘણી બધી નરનારાયણદેવની છાપની મૂર્તિઓ આજ સુધી હરિમંદિરોમાં છે.** સમયાંતરે પછી કલર ચોટાડ્યો, સોનું ચોટાડ્યું, ચાંદી ચોટાડી બધું ચોટાડ્યું પણ **મહારાજે આજ્ઞા શું કરી છે એ સમજવાની વસ્તુ છે કે અમે તમને જે નરનારાયણદેવની મૂર્તિ આપી છે એને તમે ચિત્રામણની કે કોઈ વસ્ત્ર કે કોઈ ધાતુ કે કોઈ પાષાણની માનશો નહી એમાં અમે પ્રત્યક્ષ રહેલા છીએ. આ બહુ સમજવાની વસ્તુ છે. આપણા ઘેર આપણી પૂજા હોય, હોય ને ? તો શું છે એ ? ભગવાન એમાં પ્રત્યક્ષ રહેલા છે એટલે આપણે પૂજા કરીએ છીએ.**

મહારાજે એજ વચનામૃતમાં પાછી ભલામણ કરી કે આ મૂર્તિ છે એ ચિંતામણી તુલ્ય છે. તમે જે જે ચિંતવશો, તમને જે જે સંકલ્પ થશે એ આ મૂર્તિથી પરિપકવ થશે. પણ ક્યારે ? આમાં પ્રત્યક્ષ ભાવ રાખશો તો. પછી આપણે ભગવાન આગળ જઈએ ને એ...એ.... આ કુંડળ તો વાંકા છે, હશે કો'કને પૂજારી બનાવી દીધા છે ને પૂજા કરે છે પણ પાણા જ છે. ઠીક છે હવે, અમૂક લોકો એવાય હોય. નિરાકારવાદીઓ. આપણે એનીય ઉપેક્ષા નથી કરતા. મહારાજે વચનામૃતમાં એનીય વાત કરી છે. પણ **આપણને મહારાજે કીધું મારો આકાર દિવ્ય છે. પણ આ તો હરિભક્તોને સુખ આપવા માટે એમના જેવા થઈને રહે છે.** ભગવાન પોતે આ પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે ક્યારેક માંદાય થતા હતા, ભાગીય જતા હતા, ખીજાતાય હતા. એમને ગરમી લાગે, ઠંડી લાગે એટલે અમૂકને મનુષ્યભાવ આવી જાય કે આવા ભગવાન હોય ?

એક બહુ સરસ વાત છે. મહારાજ એક સમયે એક ગામથી બીજે ગામ ચાલતા જતા હતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો જોડે હતા. મહારાજ એક ઝાડવાનું સૂકું થડ પડ્યું હતું એના પર બેસીને લઘુ શંકા કરવા બેઠા પછી ઉભા થયા ત્યારે બ્રહ્માનંદ સ્વામી સામે જોયું મહારાજે. **ત્યારે બ્રહ્માનંદ સ્વામી મહારાજને કહે, તમે ગમે તેવા ચરિત્ર કરો, હું તમને ભગવાન જ માનવાનો છું.** એટલે નહી તો રિએકશન તો એવું હોય ને કે માણસ જેવા કામ કરીએ આપણે તો કો'ક ને એમ થાય કે આમા શું છે ? આ તો માણસ છે. મહેસાણામાં કશળીબાને ત્યાં મહારાજે ખીચડી ના દાતણ કરાવ્યા ત્યારે ઘણાને અભાવ આવ્યો હશે અને જતા પણ રહ્યા હશે. ઘણા ભગવાનની પાસે રહેતા હોય તો પણ ભગવાનને ભગવાન માની શકાય નહી.

આપણે પ્રયત્ન કરવાનો છે સત્સંગમાં રહીને, સત્સંગ છે એ એક મુસાફરી છે. જેમ જીંદગી આખી મુસાફરી છે ને, જન્મ્યા કુટ્યા, સ્કુલમાં ગયા, મારેય ખાધો, ફેઈલ થયા, પાસ થયા, આ બધું થાય ને ? અત્યારે તો કોઈ લોકો મારતા નથી અને લોકો એમાં જ બગડ્યા છે બધા. માર ખાધો હોય એ માણસમાં પ્રતિભા હોય. આ વડીલો બધા માર ખાઈને મોટા થયા છે. અત્યારના છોકરા માર ના ખાઈ શકે, પોલીસને બોલાવો લો ! આપણને પકડીને લઈ જાય. વસ્તુ એ છે કે જીંદગી એ એક આખી જર્ની છે, આખી યાત્રા છે જીવનની એમ **સત્સંગ છે એ પણ એક યાત્રા છે અને એ યાત્રા માણસ થવા માટેની છે, ભગવાનથી**

નિકટ આવવાની છે. આપણા સ્વભાવ પ્રકૃતિના દોષો ટાળવા માટેની છે. એ માટે પ્રયત્ન કરવાનો છે. તરત બધુ ના થઈ જાય. એમાં ખીજ પણ ચડે કે ફરાળ નથી ગમતું. જો કે ફરાળ તો બધાને હવે ગમે છે કારણ કે ફરાળમાં બહુ સારું થઈ ગયું છે હવે. ફરાળી લોટ આવી ગયો. એક જગ્યાએ ગયા હતા તો ફરાળી પીઝા બનાવ્યા હતા એકાદશીમાં, એમાં એકાદશી ક્યાં રહી ? એ તો ઠીક છે, બધુ સમયાંતરે થતું હોય છે. આમાં એકાદશી પાછળ ઈતિહાસ છે. એકાદશી એ લીગલ રજાનો દિવસ હતો. એ દિવસે ખેતરમાં જઈને ખેતી નહોતા કરતા, વડીલોને ખબર હોય. આખલાને રેસ્ટ મળે. આપણે ત્યાં જે પશુઓ હોય એને રેસ્ટ મળે, એને આરામનો દિવસ મળે. પહેલા ક્યાં શનિ-રવિવાર હતા ? રવિવાર નહોતો. એટલે રામ નવમી હોય, જન્માષ્ટમી હોય, વસંત પંચમી હોય એ બધા મોટા દિવસોએ જ રજા મળે. એ દિવસે ખેતરે ના જાય એ નાનામાં નાના જીવના ઉધ્ધારનો વિચાર કરીને વ્યવસ્થા હતી.

પણ આપણે તો ભાગ્યશાળી છીએ કે **ના ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી, ભગવાન ચાલીને ઘેર આવ્યા છે. તમે ભાગ્યશાળી છો અહીંયા. એક માળ ચડોને ભગવાન આવી જાય.** નહી તો કેટલા માળ ચડો, કંઈ મળે નહી ! સચિવાલયના માળ ચડજો. **આ તો હવે ભગવાન જેવો ભગવાન છે. સરળ છે. આપણા ઘરમાં છે, આપણા અંતરમાં છે.**

નીચે બહેનો કેટલા સમુદાયમાં બેઠા છે. ધન્યવાદ છે બહેનોને અને તમને બધાને. હમણા સ્વામીએ કહ્યું એમ મંદિરે આવતા જતા રહેજો. આ ટેણીયા મેણીયા છે એના માટે કરીએ છીએ. કાલ ઉઠીને મોટું થશે, સરસ થશે. આપણને વિચાર ના હોય એવું ભગવાન કરી આપે છે. જેમ જેમ સુખ સગવડ વધતી જાય એમ આપણું વધે અને ભગવાનનું વધે પણ **સત્સંગ જાળવીને રાખવો એ અગત્યની વસ્તુ છે.** સંતોએ અને તમે બધાએ મહેનત પરિશ્રમ કરીને ભગવાન રાજી થાય એવું કામ કર્યું છે.

કહી દો, આવીએ જ છીએ (અન્ય કાર્યક્રમમાં જવા માટે) સામાવાળાને ચિંતા વધારે હોય. શું કરીએ હવે ? લમણે લઈને બેઠા હોઈએ. પુરું કરવું પડે ને પણ **ભગવાનનું કામ છે એટલે વજન નથી થતું.** મહંત સ્વામી કહે, બે મિનિટ જ બોલવાનું છે. બે મિનિટમાં શું બોલે હવે ! જય સ્વામિનારાયણ કરીએ ત્યાં જ બે મિનિટ પૂરી થઈ જાય. પણ આનંદ છે અહીં બેસીને આટલી વાત કરી. હજારો માણસની સભામાં શું વાત કરીએ ? દૂરબીન લઈને બેઠા હોય ત્યારે દેખાય એવું હોય છે. મોટા મોટા ઉત્સવ સમૈયા હોય, હમણા પર્વ થયો, સમૈયો થયો આ બધુ થયું એમાં દૂરબીન લઈને બેસવું પડે. આટલા નજીક બેઠા હો તો થોડીક વાતો તો કરીએ ને. ભગવાનની વાત કરી છે આપણે, ક્યા બીજા ગપ્પા મારવા છે ? અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આપણા વ્રતોત્સવ

અષાઢ સુદ-૧૧ શનિવાર તા. ૨૫-૭-૨૦૨૬ દેવ શયની એકાદશી ઉપવાસ, ચાતુર્માસના વિશેષ નિયમો ગ્રહણ કરવા.

અષાઢ સુદ-૧૩ સોમવાર તા. ૨૭-૭-૨૦૨૬ જયા પાર્વતી વ્રતારંભ.

અષાઢ સુદ-૧૫ બુધવાર તા. ૨૯-૭-૨૦૨૬ મુકુટોત્સવ પૂનમ - ગુરુ પૂર્ણિમા અમદાવાદ કાલુપુર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન, ગૌરીવ્રત જાગરણ.

અષાઢ વદ-૨ શુક્રવાર તા. ૩૧-૭-૨૦૨૬ હિંડોળા પ્રારંભ. શ્રીહરિ બાલમુકુન્દજીને હિંડોળા ઝુલાવવા સાંજે ૫-૦૦

અષાઢ વદ-૧૦ શનિવાર તા. ૮-૮-૨૦૨૬ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ.

અષાઢ વદ-૧૧ રવિવાર તા. ૯-૮-૨૦૨૬ કામિકા એકાદશી ઉપવાસ.

અષાઢ વદ-૩૦ બુધવાર તા. ૧૨-૮-૨૦૨૬ અમાવાસ્યા-દિવાસો (ખગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી જેથી પાળવાનું નથી)

શ્રાવણ સુદ-૧ ગુરુવાર તા. ૧૩-૮-૨૦૨૬ શિવ પૂજન પ્રારંભ.

શ્રાવણ સુદ-૩ તા. ૧૫-૮-૨૦૨૬ શનિવાર ભારત સ્વાતંત્ર દિન.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

- જે.પી. સ્વામી (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)



વહેલી સવારના આચાર્ય મહારાજ શ્રીઅયોધ્યાપ્રસાદજીનો રસાલો તેમના મૂળ ગામ ઈટાર તરફ જવા રવાનો થયો. અનેક હાથી, ઘોડા, બળદગાડાં વગેરે વાહનો ઉપર ઠાકોરરામભાઈ, રામશરણજી તથા હરિસહાયજી વગેરે ધર્મકુળના સિતારાઓ ઉપરાંત સદ્‌ગુરૂ ઉત્તમાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો અને અનેક હરિભક્તો બેઠા હતા. કોઈ ધાર્મિક વાતો કરતું હતું, તો કોઈ ભજન કીર્તન કરતા હતા, તો કોઈ ''સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ'' ની ધૂન બોલતા હતા. એવા પણ હતા જે શાંત ચિત્તે માળા ફેરવી શ્રીહરિનું ચિંતવન કરતા હતા.

ઈટાર ગામથી જ શ્રીજી મહારાજના પિતાશ્રી ધર્મદેવ અર્થાત હરિપ્રસાદજી પોતાના સાસરાના ગામ છપૈયાપુર જઈ વસ્યા હતા. એટલે અયોધ્યાપ્રસાદજીને એવી ઈચ્છા થઈ કે છપૈયાપુરની જેમ પોતાના વડીલોના ગામ ઈટારમાં પણ મારું શિખરબધ્ધ મંદિર બંધાવું જોઈએ. એટલે જ ઈચ્છાને બળ આપવા તેમણે આ શુભ ભાવવાળી ધાર્મિક યાત્રા આરંભી હતી.

રસ્તામાં આનંદ કરતાં સૌ ઈટાર પહોંચ્યા, ઈટારમાં અયોધ્યાપ્રસાદજીના પિત્રાઈ અને અન્ય કુટુંબીજનોના ઠીકઠીક ઘર હતાં. ત્યાં પહોંચીને તેમના પોતાના સંબંધીઓને મળી સૌને એકઠા કરી પોતાનો પરિચય આપ્યો અને જણાવ્યું કે આપણે સૌ વેદમાન પાંડેના જ સંતાનો છીએ. અને એ રીતે આપસમાં ભાઈઓ છીએ. વેદમાનના પુત્ર બંસીધર, તેમના પુત્ર કનૈયારામ, તેમના પુત્ર બાલકરામ અને તેમના પુત્ર હરિપ્રસાદજી થયા. હરિપ્રસાદજીના ત્રણ પુત્ર રામપ્રતાપભાઈ, ઘનશ્યામ મહારાજ અને ઈચ્છારામજી. તેમાં વચેટ ઘનશ્યામપ્રસાદજીએ અગિયાર વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કરી વન વિચરણ કરતાં કરતાં ગુજરાત પહોંચ્યા. ત્યાં સ્વામિનારાયણ સંપ્રદાયનો મહિમા વધાર્યો અને તેમણે સૌને પ્રતિપાદન કરાવ્યું કે સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ ભગવાને તેમના સ્વરૂપે આ પૃથ્વી ઉપર ધર્મનો મહિમા વધારવા પુનઃ જન્મ ધારણ કર્યો છે. તેમના મોટા ભાઈ રામપ્રતાપજીના પુત્રોમાંથી અયોધ્યાપ્રસાદજી અને નાનાભાઈ ઈચ્છારામજીના પાંચ પુત્રોમાંથી રઘુવીરજીને સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કરેલી અમદાવાદ અને વડતાલ દેશની ગાદીના આચાર્ય તરીકે શ્રીહરિએ નિમ્યા છે તે બધી વાતો વિગતથી પોતાના પિત્રાઈઓને કરી. પોતાના ધાર્મિક દિગ્વિજયની વાત કરીને તેમણે છપૈયાની જેમ અહીં પણ શિખરબંધ મંદિર બનાવવાની ઈચ્છા કરી. આ મંદિરમાં ભગવાન શંકરની સ્થાપના કરવાની પોતાની ઈચ્છા હોવાનું તેમણે જણાવ્યું. પોતાની જ્ઞાતિના અહીં હાજર હોય તે અને બહાર દેશાંતરે ગયા હોય તે સૌને કંકોત્રીઓ લખી અહીં તેડાવી તેમને સમૂહ ભોજન આપવાની પણ અયોધ્યાપ્રસાદજીએ ઈચ્છા પ્રગટ કરી.

આમ તો ઈટારના પાંડે પરિવાર તેમના પિત્રાઈ હરિપ્રસાદજીના અવતારી પુત્ર ઘનશ્યામપ્રસાદે ગુજરાતમાં ધર્મની આહલેક જગાવ્યાની વાતો અવાર નવાર સાંભળી હતી. આજે તેમના જ દત્તપુત્ર અયોધ્યાપ્રસાદજી પાસેથી પ્રત્યક્ષ આ વાતો સાંભળીને સૌ ખૂબજ ખુશ થયા. તેમના માટે પણ એ ગૌરવનો જ વિષય હતો. જેમના કુટુંબમાં સાક્ષાત્ પરમેશ્વર મનુષ્ય રૂપે જન્મ ધારણ કરે તે કુટુંબ માત્ર આ લોકમાં જ નહીં ત્રણે લોકમાં યશ અને ગૌરવનો અધિકારી બને તે સ્વાભાવિક છે.

આચાર્ય મહારાજની ઈટારમાં મંદિર બાંધવાની ઈચ્છાને તેમના ભાઈઓએ સ્વીકારી લીધી અને જોઈએ તેટલી જમીન આપવાની તૈયારી બતાવી.

અયોધ્યાપ્રસાદજીએ જોઈતી જમીન લઈને ત્યાં થોડા માસ રોકાયા અને પોતાની હાજરીમાં જ શિખરબંધ મંદિર ઉભું કરાવ્યું. મંદિર તૈયાર થઈ ગયા પછી સારૂ મુહૂર્ત જોઈને તેમાં પોતાના નામ ઉપરથી અવધેશ્વર મહાદેવની

વિધિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરાવી.

પ્રાણપ્રતિષ્ઠાનું કાર્ય નિર્વિઘ્ને પૂરું થઈ જવાના આનંદમાં બ્રહ્મભોજનનું મોટા પાયે આયોજન કર્યું. અનેક પ્રકારના પકવાનોની રસોઈ કરવામાં આવી. સૌને આગ્રહ કરી કરીને જમાડ્યા.

આગ્રહ થતાં થતાં ચડસા ચડસી થઈ અને કેટલાક બ્રાહ્મણો વધુ જમવાની હોડમાં ઉતર્યા. તેમાં એક બ્રાહ્મણ એક મણ જેટલુ ખાઈ જવાથી તેની હાલત ખૂબ જ બગડી ગઈ, તે વખતે આજનો યુગ તો હતો નહીં, એટલે જોઈતી સારવાર એ બ્રાહ્મણને મળી ન શકી. પરિણામે એક દિવસની અસહ્ય પીડા ભોગવ્યા પછી તે પણ દેહ ત્યાગ કરી ગયો. બાહ્મણના આ રીતના મૃત્યુના સમાચાર વાયુ વેગે ઈટારમાં પ્રસરી ગયા. શહેરમાં હાહાકાર થઈ ગયો. જ્યાં થોડી વાર પહેલાં આનંદ અને ઉલ્લાસ હતા ત્યાં રોકકળ થવા લાગી.

અમદાવાદથી મહારાજની સાથે આવેલા દામોદર ભગત બનાવ વખતે ત્યાં હાજર હતા. તેમણે તરત દોડી જઈને મહારાજને વાત કરી.

'ભારે થઈ મહારાજ ! ભારે થઈ !' દોડતા આવેલા દામોદર ભગત હાંફતા હાંફતા બોલ્યાં.

'શેની ભારે થઈ ? દામોદરભગત ! શાંતિથી વાત કરો, શું થયું ? તમે આટલા ગભરાયેલા કેમ છો ?' અયોધ્યાપ્રસાદજીએ ભગતને પૂછ્યું.

'ગઈ કાલે જમવાની ચડસા ચડસીમાં પે'લો બાહ્મણ માંદો નહોતો પડી ગયો ?'

'હા, તેનું શું થયું ?'

તેણે આજે દેહ છોડી દીધો મહારાજ ! દામોદર ભગતે કહ્યું, 'મહારાજ' આ બનાવથી ભારે અનર્થ થશે. હજુ તો આપને દેશ દેશાંતરથી બ્રાહ્મણોને નિમંત્રીને જમાડવા છે. જો આવું થાય અને વધુ બ્રાહ્મણોના મરણ થાય તો ?

'એવું નહીં બને દામોદર.' આચાર્ય મહારાજ દૃઢતાથી બોલ્યા, 'તેમ દેશ દેશાંતરથી તેડાવીને બ્રાહ્મણોને જમાડવાના કાર્યક્રમમાં કોઈજ ફરક નહીં પડે અને આ બ્રાહ્મણ જીવતો થશે. એટલું જ નહીં, બહારથી આવેલા બ્રાહ્મણોમાંથી કોઈની જીવનદોર અહીં અને તે દિવસે જ પૂરી થતી હશે તો પણ અહીં તેમનું કોઈનું મૃત્યુ નહીં થાય.'

દામોદરભગત જાણતા હતા કે આચાર્ય મહારાજ શ્રીજી મહારાજના બળે જ બોલતા હતા. તેમને આચાર્યના બોલમાં અને શ્રીજી મહારાજની તેમના ઉપરની કૃપામાં ભારે વિશ્વાસ હતો, શ્રદ્ધા હતી.

અયોધ્યાપ્રસાદજીએ તે જ વખતે આંખો મીંચીને ધ્યાન કર્યું. પોતાના અંતરપટ ઉપર બંધ આંખોએ તેમણે શ્રીહરિના દર્શન કર્યા. પૂછ્યું, 'પ્રભુ ! અહીં આપણી જ્ઞાતિના બ્રાહ્મણોને જમાડવાની મારી ઈચ્છા છે, આપ શું કહો છો ?'

'અયોધ્યાપ્રસાદ !' મહારાજ બોલ્યા, 'તમે આ 'બાહ્મણોને હજુ ઓળખતા નથી. તમે એમની પાછળ ગમે તેટલું ખર્ચ કરશો તો પણ તેઓ કંઈને કંઈ બહાનું કાઢીને અવળચંડાઈ કર્યા વિના રહેશે નહીં. માટે તમારે એમને જે કંઈ આપવું હોય તે આપીને અહીંથી વહેલાસર પ્રસ્થાન કરો. હા, છપૈયાપુરના ધર્મકુળ સાથેનો સંબંધ બરાબર જાળવી રાખજો.' આમ ખુદ ભગવાને જ બ્રાહ્મણોને જમાડવાની વાત અહીં જ કાપી નાખી તે સાથે તેમણે મૃત્યુ પામેલા બ્રાહ્મણને જીવતદાન આપીને પોતે અદૃશ્ય થઈ ગયા.

અયોધ્યાપ્રસાદજી મહારાજે આંખો ઉઘાડીને જ્યાં પે'લો બ્રાહ્મણ મૃત્યુ પામ્યો હતો તે સ્થળે ગયા હવે તેમને ત્યાં રોકાવા માટે કંઈ કારણ ન હતું એટલે બ્રાહ્મણોને સોનાના દાગીના સહિતની મોટી દક્ષિણા આપીને છપૈયાપુર જવા રવાના થયા.

ફરી પાછો એક એવો પ્રસંગ બની ગયો. અયોધ્યાપુરીના શ્યામલાલ તિવારીની પુત્રી સાથે અયોધ્યાપ્રસાદજીના પુત્ર લાલજી શ્રી કેશવપ્રસાદજી મહારાજના લગ્ન હતા. ત્યાં આંબલીયા ગામનો એક બ્રાહ્મણ મર્યાદા બહારનું ખાઈ જવાથી તે માંદો પડી ગયો. વૈદ્યોને બોલાવી ઓષડ કરાવ્યા પણ ખૂબ જ ચઢી ગયેલા પેટની ચૂંક તેના મૃત્યુ સાથે જ સમી.

ઘરમાં આવો રૂડો પ્રસંગ હતો ત્યાં આમ મરણું થઈ જવાથી આચાર્ય મહારાજ ઉદાસ થઈ ગયા. તેઓ અફસોસ કરતા થોડીવાર સુનમુન બેસી રહ્યા. પછી શ્રીહરિને સંભારતા તેમણે દીવો કર્યો અને ઉભા થઈ મૃત બ્રાહ્મણના પેટ ઉપર હાથ ફેરવવા લાગ્યા, ત્યાં તો અચાનક બ્રાહ્મણ જીવતો થઈને બેઠો થઈ ગયો. નવાઈ ત્યાં થઈ કે તેણે ઉઠતાવેંત પોતાને ખૂબ જ ભૂખ લાગી હોવાનું જણાવી હજુ ખાવાનું માગ્યું તેને આપવામાં આવેલ આઠ શેર ખાંડનું

પાણી તેણે પીધું. ત્યારે શાંતિ થઈ. પાણી પીધા પછી ઉછળીને તે ઉભો થયો. આચાર્ય મહારાજને પગે લાગતાં તેણે પુરી ને શાક ખાવાની ઈચ્છા પ્રગટ કરી. તેની વાત સાંભળીને સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સૌ કોઈ કહેવા લાગ્યા કે આનું તે પેટ છે કે પછી પાતાળ ? હજુ કેટલું ખાશે ? માંડ તો ઉઠ્યો છે, પાછો મરવાવાળો થયો છે કે શું ?

લાલજીશ્રી કેશવપ્રસાદજી મહારાજના લગ્ન પ્રસંગે અયોધ્યાપ્રસાદજીએ અયોધ્યામાં જેટલા મંદિરો તે સમયે હતા તે બધા જ મંદિરના વૈરાગીઓ તથા બ્રાહ્મણોને ભોજન આપીને ભરી સભામાં ખૂબ દાન દક્ષિણા આપ્યા.

લગ્ન પ્રસંગ પછી છપૈયાપુર પાછા વળ્યાને હજુ થોડાજ દિવસ થયા હતા ત્યાં અયોધ્યાના રાજા માનસંગજીનું તેમની કચેરીમાં સભા ભરવાનું નિમંત્રણ આવ્યું. અયોધ્યાના કેટલાક વૈરાગીઓ અને કાશીના કેટલાક વિદ્વાનોએ સાથે મળીને રાજા માનસંગજીને એવી ઉશ્કેરણી કરી હતી કે ગુજરાતમાં સ્વામિનારાયણે રામચંદ્રજી ભગવાનની સેવા મુકાવીને અનેક લોકોને પોતાનું સ્મરણ કરતા કર્યા છે. તેમના આ નવા સંપ્રદાયના બે આચાર્યો પૈકી એક હમણા છપૈયાપુર આવેલા છે તો તેમને બોલાવી તેમની સાથે સભા કરી તેમને હરાવી તેમનો સંપ્રદાય ખોટો ઠરાવવાનો આ સારો મોકો છે.

માનસંગે આ ઉશ્કેરણીમાં આવીને સભા માટે આચાર્ય મહારાજ શ્રીને નિમંત્રણ મોકલી દીધું. અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ કયાં પાછી પાની કરે તેવા હતા ? તેમણે તરત નિમંત્રણ સ્વીકારી લીધું અને નક્કી થયેલા સમયે પોતાના રસાલા સાથે અયોધ્યા પહોંચી ગયા.

અયોધ્યાના રાજ દરબારમાં અકડેઠઠ ભીડ વચ્ચે બંને પક્ષે ભારે ધાર્મિક ચર્ચાઓ ચાલી. અયોધ્યા અને કાશીના વિદ્વાનો જ્ઞાનમાં બહુ બળુકા હતા. અહીં અયોધ્યાપ્રસાદજી મહારાજની સાથે સેવકરામ શાસ્ત્રી જેવા વિદ્વાન મેદાનમાં જમાવીને ઉભા હતા. કલાકો સુધી ચર્ચા ચાલી. છેવટે સેવકરામ થાકયા હોય તેવું જણાયું. શાસ્ત્રીએ ઉત્તમાનંદ સ્વામી સામે જોયું. સ્વામી તેમના જોવાનો મર્મ સમજી ગયા એટલે તેમણે મેદાન સંભાળી લીધું. એક પ્રહર સુધી તેમણે સરસ્વતીના ગંગાપ્રવાહ વહેતો કરીને સૌને દિગ્મૂઢ કરી દીધા. ઉત્તમાનંદ સ્વામી પાસે છેવટે અયોધ્યા અને કાશીના પંડિતો દબાયા. તેઓ હાર્યા. અયોધ્યાપ્રસાદજી મહારાજનો વિજય થયો.

બરાબર તે જ વખતે શ્રીજી મહારાજની ઈચ્છાથી રાજા માનસંગે જોયું તો અયોધ્યાપ્રસાદજી મહારાજની જગ્યાએ ચતુર્ભુજ રૂપે ધનુર્ધારી રામચંદ્રજીની મૂર્તિ દેખાઈ.

મહારાજની પ્રેરણાથી રાજા માનસંગને ભૂતકાળની છબી પણ તે જ વખતે તાજી થઈ. ધર્મદેવ અયોધ્યામાં રહેતા હતા ત્યારે ઘનશ્યામ મહારાજ, રાજા માનસંગ, કેસરીસંગ અને ભવાનીસંગ સૌ મિત્રો હતા. તે વખતે મહારાજ અનેક ચમત્કારો વડે તે સૌને પ્રભાવિત કરતા હતા. આ બધું યાદ આવતાં જ રાજા માનસંગે જણાવ્યું કે 'હવે હું વિશ્વાસથી કહી શકું છું કે ઘનશ્યામ ખરેખર સાક્ષાત્ ઈશ્વર છે. મને તેમના ચમત્કારો આજે પણ એટલા જ યાદ આવે છે. તે વખતે મને એમનું મહત્વ નહોતુ સમજાયું પણ ગુજરાતમાં તેમના આ ધાર્મિક દિગ્વિજય જોતાં હવે બધું જ સમજાઈ રહ્યું છે.'

માનસંગને અયોધ્યાપ્રસાદજી મહારાજમાં પણ ઈશ્વરીય ગુણો દેખાયા. રાજાએ જાતે ઘનશ્યામ મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજની જય બોલાવરાવી. સભા પુરી થઈ ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજએ પણ સભામાં હાજર રહેલા બધા જ બ્રાહ્મણોને મોટી દક્ષિણા આપી છપૈયાપુર પાછા ફર્યા.

અયોધ્યાપ્રસાદજી મહારાજે છપૈયાપુરમાં આવીને જાણ્યું કે ગાયઘાટનું વન ખરીદવાની માગણી કરી હતી તેની જગ્યાએ અંગ્રેજ રેસિડેન્સ મી. ટાલાએ જોગી વન વેચવાની ઉપરથી મંજૂરી આવી હોવાના સમાચાર મોકલ્યા હતા. આ સમાચાર જાણીને મહારાજે ગોરા અમલદાર સાથે મુલાકાત કરીને પોતાની ઈચ્છા તો ગાયઘાટ ખરીદવાની વાત કરી.

'અત્યારે તમે આ જોગી વન લઈ લ્યો. ગાયઘાટનું વન પણ તમને મળે તેવા પ્રયત્ન હું કરીશ.' ટાલાએ સમજાવ્યું ?'

'તમારા કહેવાથી હું જોગી વન તો લઈ લઉં, પણ મને ગાય ઘાટના વનમાં વધારે રસ છે એટલે એ તો મળવું જ જોઈએ ?'

ટાલાએ તે માટે પ્રેરવી કરવાનું વચન આપીને જોગી વન વેચાણ આપીને તેના દસ્તાવેજ કરાવી આપ્યા.

અયોધ્યાપ્રસાદજી મહારાજે જોગી વન ખરીદ્યાની વાત બહાર આવતાં આ વિસ્તારના તાલુકેદારો ચોકી ઉઠ્યા. તેમને અયોધ્યાપ્રસાદજી મહારાજની સમૃદ્ધિની ઈર્ષા થવા લાગી. ત્યાં તેમણે જાણ્યું કે ગાયઘાટનું વન

ખરીદવાનો ઘાટ પણ ઘડાઈ રહ્યો છે એટલે આ ઈર્ષાળુ તાલુકેદારોએ વચ્ચે પથ્થરો નાખવાના ઈરાદા કરીને અંગ્રેજ સરકાર સમક્ષ ગાયઘાટનું વન ખરીદવાની પોતપોતાની ઈચ્છાઓ રજૂ કરી.

અંગ્રેજ સરકારે આ તકનો લાભ લઈ ખરીદવાની ઈચ્છાવાળા એક કરતાં વધુ છે એવું કારણ ધરીને ગાય ઘાટના વનનું જાહેર લીલામ કરવાની જાહેરાત કરી.

અયોધ્યાપ્રસાદજી મહારાજતો લીલામમાં પણ એ વન ખરીદવા તૈયાર થયા. કેમ કે એ વનની સુંદરતા એટલી હતી, કે કોઈપણ માણસને તેનામાં મોહ થયા વિના રહે નહીં. વળી શ્રીજી મહારાજે વિશ્વામિત્રી નદીના આ ઘાટ ઉપર ન્હાઈને અનેક વખત જળક્રિડા કરી હતી તેથી પણ સંપ્રદાય માટે તેનું ખૂબ જ મહત્વ હતું.

પણ એક સંપ થઈને આવેલા તાલુકેદાર રાજાઓ હદની બહાર ચડાવો કરતા ગયા. તેથી મહારાજ નિરાશ થઈ ગયા. અંગ્રેજ ટાલાએ આ જોયું. તે મહારાજથી પ્રભાવિત થયેલો હતો તેની ઈચ્છા પણ આ વન અયોધ્યાપ્રસાદજી મહારાજને મળે તેવી હતી પણ ઉપરથી હુકમ થયો હતો અને વધુ ચડાવો આવતો હતો તેથી તે બીજુ કરી પણ શું શકે ?

મહારાજને નિરાશ થતા જોઈ કંઈ બહાનું કરીને ચડાવો વચ્ચેથી અટકાવી એક દિવસ માટે મુલત્વી રાખી દીધો.

મહારાજ પોતાના નિવાસે પધાર્યા. તે ખૂબજ નિરાશ થઈને આવીને ઢોલિયા ઉપર બેઠા. આ વન ખરીદી શકાશે નહીં તેવી શંકા તેમને થવા લાગી. હવે વધુ ચડાવો નાખવાનો પણ તેમને કંઈ અર્થ જણાતો નહોતો. કેમકે આ તાલુકેદારો જીદે ચઢયા હતા, તે કોઈ રીતે પાછા વળે તેવું જણાતા નહોતા, એટલે આવતી કાલે વધુ ચડાવો બોલવા જવાનું જ માંડી વાળવાનું મહારાજ વિચારવા લાગ્યા.

ત્યાં તો શ્રીજી મહારાજ જાતે ત્યાં પ્રગટ થયા. પ્રભુને પધારેલા જોઈ આચાર્ય મહારાજે ઉભા થઈ તેમને દંડવત પ્રણામ કર્યા. મહારાજે વધુ પાસે આવી દંડવ્રત અયોધ્યાપ્રસાદજી મહારાજને ઉપાડીને પોતાની બાથમાં લઈ છાતી સરખા ચાંપ્યા.

'કેમ અયોધ્યાપ્રસાદ ! આટલા બધા ઉદાસ શા માટે થઈ ગયા છો ? અંતર્યામી શ્રીહરિ જાણીને આવ્યા હોવા છતાં અજાણ હોય તે રીતે પૂછવા લાગ્યા.

'પ્રભુ ! આપ તો અંતર્યામી છો. બધું જાણો છો છતાં હજુ મનુષ્ય લીલા કરીને મને શા માટે રમાડો છો ? તમારી આટલી કૃપા હોવા છતાં આજે મારે પાછા પડવું પડ્યું.'

'તમારે શા માટે પાછા પડવું પડે ?' હસતાં હસતાં શ્રી હરિએ કહ્યું, 'હું શા માટે છું ? આવતી કાલે ચડાવો આગળ વધે એટલે તમે જરૂર જજો અને આજ કરતાં બેવડો ચડાવો બોલવા લાગજો એટલે એ તાલુકેદારોનું ગજુ હવે પૂરૂ થઈ ગયું છે. હવે તે તમારી સામે ટકી શકશે નહી અને ભાગી છૂટવાના છે. માટે હતાશ થયા વિના ગાયઘાટનું વન ખરીદી લો. આગળ જતાં અમારી પ્રસાદીના સ્થળ તરીકે આ સ્થળનો મહિમા ખૂબ જ વધશે. અહીં મોટો મેળો ભરાશે, હજારો લાખો લોકો અહીં એકઠા થશે. છપૈયાપુરની ચારે તરફ ત્રણ ત્રણ જોજન સુધી બીજા અસંખ્ય મંદિરે ઉભા થશે.'


શ્રીજી મહારાજે એમ પણ કહ્યું, કે 'બદ્રિકાશ્રમમાં અત્યારે સૂર્યવંશી અને ચંદ્રવંશી બે રાજાઓ તપ કરી રહ્યા છે. કળિકાળના અંતે આ બંને રાજાઓ પૃથ્વી ઉપર પોતાની આણ ફેલાવશે. આ રાજાઓ સમગ્ર પ્રજામાં અમારા મહિમા પ્રસરાવશે. ત્યારે અમારા જન્મ સ્થળનો મહિમા પણ દિન પ્રતિદિન વધવા લાગશે.'

મહારાજે એક એવી આગાહી પણ કરી કે 'થોડા જ સમયમાં આ ધરતી ઉપર જમીન ઉપર ચાલતા વિમાન જેવી બળદ વિનાની ગાડીને ચાલતી લોકો જોશે. એટલું જ નહીં અમદાવાદથી છપૈયાપુર એકાદ દિવસમાં કે થોડી ઘડીઓમાં સંદેશો પહોંચે એવી સગવડો થશે, આટલું કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. બીજા દિવસે ચડાવામાં આચાર્ય મહારાજે શ્રીજી મહારાજે કહ્યા પ્રમાણે કર્યું એટલે તાલુકેદાર રાજાઓ પાછા પડ્યા. આચાર્ય મહારાજની આર્થિક ક્ષમતા તેમના ધાર્યા કરતાં વધારે જ નહીં ચડાવામાં આવેલા બધા જ તાલુકેદારોની સમૃદ્ધિના સરવાળાને પણ આંબી જતી તેમણે જોઈ. તેમણે એ પણ અનુભવ્યું કે આપણા તાલુકા વેચીને પણ આ વન ખરીદતાં અયોધ્યાપ્રસાદજીને રોકી શકાય તેમ નથી, એટલે એક પછી એક બધાય સરકી જવા લાગ્યા.

આખરે ગાયઘાટનું વન પણ આચાર્ય મહારાજને જ મળ્યું. જો કે તાલુકેદારોની મૂર્ખાઈને કારણે અંગ્રેજ સરકારને થોડો વધુ ફાયદો થઈ ગયો.

દેશ વિભાગના લેખને આધારે સંપ્રદાયનું બંધારણ

સંકલન : જી. વી. સીતાપરા (અમદાવાદ)



વિ.સં. ૨૦૮૨ અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે આ લેખનો ખૂબ પ્રચાર-પ્રસાર કરવાથી સાચા અર્થમાં ગુરુ પૂર્ણિમા ઉજવી ગણાશે. **કારણ કે સંપ્રદાયના આશ્રિત સત્સંગી માત્રની ફરજ બને છે કે સંપ્રદાયના બંધારણની રક્ષા માટે યથાશક્તિ પ્રયત્ન કરે. દેશ વિભાગનો લેખ સ્વયં શ્રીહરિએ શુકમુનિ પાસે લખાવેલ છે. જેની ઉપર સત્સંગના મુખ્ય સદ્‌ગુરૂ સંતો અને અગ્રણી હરિભક્તોની સહીઓ છે. ન્યાયની અદાલતોમાં આ લેખ સંપ્રદાયના બંધારણ તરીકે સ્વીકારાયેલ છે અને અદાલતોએ તેનું અંગ્રેજી ભાષાંતર પણ કરેલું છે.**

જેમ જે તે દેશના બંધારણ પ્રમાણે જે તે દેશનો નાગરિક ન વર્તે તો તે દેશદ્રોહી ગણાય અને દેશ દ્રોહની સજા જેમ બહુ ભારે થતી હોય છે તેમ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલા બંધારણ પ્રમાણે ન વર્તીએ તો કહેવાતા સત્સંગિ જેમાં ત્યાગી, ગૃહી બધા આવી ગયા તેની શુ ગતિ થાય તે **શ્રીહરિના શબ્દો છે કે અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુ દ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળ તુલ્ય જાણવો.**

લિખાવિંત સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ વ. પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવીર ઈચ્છારામ જત તમો બે ભાઈને અમો દત્તપુત્ર કરિને અમારા સત્સંગી સર્વેના આચાર્ય સ્થાપ્યા છે.

શ્રીહરિએ વહીવટી સરળતા માટે દેશ વિભાગ કરીને બે દેશની બે આચાર્ય પરંપરા સ્થાપી છે. જે તે સમયે જે દેશની ગાદી પર જે આચાર્ય બિરાજમાન હોય તે પોતપોતાના દેશના આશ્રિતોના ગુરુ છે. બે સિવાય સંપ્રદાયના અન્ય કોઈ ગુરુ નથી. અમદાવાદ અને વડતાલ બે સનાતન ગાદી છે. વર્તમાન સનાતન આચાર્યશ્રીને ઓળખવા માટે બન્ને ગાદી પર અર્થાત બન્ને મંદિરના સભા મંડપમાં આચાર્યશ્રીની પાટ પર લાલ પાઘ પહેરીને કોણ બિરાજે છે તે જોઈ લેવું.

..... ને અમારા મંદિર શ્રી નરનારાયણના તથા.... આદિકના તથા સત્સંગિમાં જે ધર્માદાની પેદાશ તે તમો બે ભાઈને આપી છે..... આ વાક્યથી ધર્માદાનો અધિકાર માત્ર અને માત્ર આચાર્યશ્રીનો થયો. તો આપણે જોવું કે આપણને મળેલી ધર્માદાની પહોંચમાં વિદ્યમાન આચાર્યશ્રીનો સ્ટેમ્પ છે ? પહોંચ મુખ્ય મંદિરની છે ? દા.ત. અમદાવાદ મંદિરનો સ્ટેમ્પ જો આમ ન હોય તો તે ધર્માદો ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સુધી પહોંચતો નથી.

સર્વે દેશના સત્સંગિ સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા ..... આદિકની પેદાશ આવે તે સર્વે શ્રી નરનારાયણની છે ને શ્રી નરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે. (દરેક જગ્યાએ દેશ વિભાગ પ્રમાણે લક્ષ્મીનારાયણનું પણ સમજતું રહેવું.)

ધર્માદો નરનારાયણદેવનો છે. દેવના પ્રતિનિધિ આચાર્યશ્રી છે તેથી તેના વહીવટ કર્તા વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી હોય છે. એટલે જ સ્ટેમ્પની મધ્યમાં **KP** એટલે કે કોશલેન્દ્રપ્રસાદજી પાંડે (વિદ્યમાન આચાર્યશ્રી) લખેલ છે. વર્તમાન સમયે કહેવાતા કેટલાક ત્યાગી સ્વામિનારાયણની ચુંદડી ઓઢીને ધર્મના નામે વેપાર કરવાની દુકાન ખોલીને બેઠા હોય છે અને પારાયણ કે સત્સંગ સભાના માધ્યમથી અબુધ, ભોળા અથવા માની લોકો પાસેથી દાન - ધર્માદો - ભેગું કરીને પ્રાઈવેટ ગુરુકુળ, આશ્રમ કે મંદિર બાંધતા હોય છે. નંદ સંતોએ કોઈએ સ્વામિનારાયણના નામથી ભેગું કરીને પ્રાઈવેટ સંસ્થાઓ બાંધી છે ? શ્રીહરિની આજ્ઞાથી મંદિરો બાંધીને શ્રીહરિને

અર્પણ કરી દેતા. શ્રીહરિએ પોતાના પ્રગટ સ્વરૂપો મંદિરોમાં પધરાવીને પોતાની જગ્યાએ સંપ્રદાયના ધણી તરીકે બે આચાર્ય પરંપરા સ્થાપી છે. આજકાલ તો ઘણા કહેવાતા ત્યાગીઓ પોતે બાંધેલી સંસ્થાઓ દેવના નામે ન કરતા, વહીવટ આચાર્યશ્રીને ન સોંપતા બધુ પોતાના હસ્તક રાખે છે. આવાને ઓળખી રાખવા આ લેખ છે. જે ગૃહસ્થો આવી સંસ્થાઓમાં દાન આપે છે એ દાનવીર નથી બલ્કે ઈષ્ટદેવના અને સંપ્રદાયના દ્રોહી છે. કારણ કે એ દાનનો ઉપયોગ સંપ્રદાયનું બંધારણ તોડવામાં થાય છે.

ઘણા તો એવા છે કે આચાર્યશ્રી થકી ગુરુમંત્ર લઈને પછી પ્રાઈવેટ ગુરુકુળોમાં ભગવાનના દર્શનનો કે સત્સંગનો નિયમ રાખતા હોય છે. આવા લોકો કૃતઘ્નીની હરોળમાં આવી શકે. કારણ કે જે ગુરુએ કૃપા કરી ગુરુમંત્ર પ્રદાન કર્યો એ ગુરુની અનુવૃત્તિમાં રહેવાનો ક્યારેય પણ વિચાર સુધ્ધા ન કર્યો. બીજી સમજણ ન પડે તો એટલી તો સમજણ પડે ને કે હું જે સંસ્થામાં દોડી દોડીને જઉ છું તે સંસ્થામાં પ.પૂ. મહારાજશ્રી ક્યારેય કેમ પધારતા નથી ? ભગવાન તો આપણા કરતા આચાર્યશ્રીને લાખ ગણા વહાલા છે પણ સિધ્ધાંત અને બંધારણ તૂટતું હોવાથી મહારાજશ્રી આવી સંસ્થાઓમાં નથી પધારતા એટલે નજીકમાં દેવના તાબાનું મંદિર કે દેવના તાબાનું ગુરુકુળ ન હોય તો ઘેર ઠાકોરજીના સિંહાસન આગળ બેસીને સત્સંગ કથા વાર્તા કરીશું તો તેનાથી પણ ભગવાન રાજી થશે.

..... શ્રી નરનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લખ્યા પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદની છે..... કહેતા હાલમાં પરંપરા પ્રમાણે વિદ્યમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની છે. હકીકત એ છે કે આપણા પ.પૂ. મહારાજશ્રી એકદમ નિઃસ્પૃહ અને નિર્લોભી છે. તેઓશ્રી કાયમ કહે છે કે બધુ દેવનું છે. અમે જ દેવના છીએ. તેઓશ્રીને દેવ સાથે ક્યારેય જુદાપણું નથી. અને દેશ વિભાગના લેખમાં પણ શ્રીહરિએ દેવ અને આચાર્યશ્રીની એકતા દર્શાવી છે.

..... બેય આચાર્યને પોતપોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠિ બાંધવી.... પોતપોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોલા લુગડાવાલા પાલા કરવા..... આ વાક્યોથી કંઠી પહેરાવીને ગુરુમંત્ર આપીને ગૃહસ્થને સામાન્ય દીક્ષા તથા ત્યાગીને મહાદીક્ષા આપવાનો અધિકાર માત્ર અને માત્ર ધર્મવંશી આચાર્યશ્રીને તથા બહેનો માટે આચાર્યશ્રીના પત્ની પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીને સ્વયં શ્રીજી મહારાજે આપેલો છે. દીક્ષા વિના ભક્તિ માર્ગમાં સિધ્ધિ નથી. શ્રીહરિના આ વચનોથી વિરુધ્ધ વર્તીને જેઓ સ્વામિનારાયણના ડુપ્લીકેટ સાધુઓ કે ડુપ્લીકેટ હરિભક્તો બની બેઠા છે તેઓ પોતાના આત્માને છેતરી શકે કે દુનિયાને છેતરી શકશે પરંતુ ભગવાનને નહી છેતરી શકે. જ્યાં સુધી આશ્રિતનું નામ શ્રી નરનારાયણદેવ કે શ્રી લક્ષ્મીનારાયણદેવના ચોપડે ન ચડે ત્યાં સુધી શ્રીજી મહારાજના ચોપડે ચડતું નથી. નામ જ લખાવ્યું ન હોય એને તો ધામ નહી, ધક્કા મળે છે.

સંપ્રદાયની પરંપરા પ્રમાણે મૂળ સંપ્રદાયના સંતો મુમુક્ષુ જીવાત્માને શરણાગતિની કંઠી પહેરાવી શકે પરંતુ એ સંત જો જે તે મુમુક્ષુને ગુરુમંત્ર અપાવવા માટે ધર્મવંશી આચાર્યશ્રી સુધી પહોંચવાની પ્રેરણા ન કરે તો પોતાની સાધુતામાં એટલી ઉણપ છે. કંઠી પહેરાવનાર સંતે નવા આશ્રિતને જ્ઞાન આપવું જોઈએ કે આપણા સંપ્રદાયના, મારા અને તમારા બધાયના ગુરુ આચાર્ય મહારાજશ્રી છે એટલું જ નહિ પરંતુ સાચી રીત એ છે કે આચાર્ય મહારાજશ્રી જો મંદિરમાં બિરાજમાન હોય તો તે સંતે નવા મુમુક્ષુને કંઠી ધારણ કરાવવા માટે પણ આચાર્ય મહારાજશ્રી પાસે લઈ જવો જોઈએ.

..... અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા તે કોઈ કાલે દરદાવો કરશે નહી.... મોટા મંદિરો અને ત્યાર પછીના તાબાના મંદિરો સઘળું શ્રીહરિએ આચાર્યશ્રીને આપ્યું છે. એટલે મંદિરોનો વહીવટ, ક્યાં મંદિરમાં ક્યા સંતને મહંત નિમવા તે સઘળો અધિકાર આચાર્યશ્રીનો છે. ગર્વ છે કે અમદાવાદ દેશમાં આ પરંપરા જળવાઈ રહી છે.

..... તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્યને સદાકાલ નિરંતર માનજ્યો ને મન કર્મ વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાલે સુખ થાશે

નહિ ને અતિ કષ્ટને પામશે..... મોટા મોટા દેવો તથા ઋષિમુનિઓના વચનો પણ ક્યારેય મિથ્યા થતા નથી તો સ્વયં શ્રીહરિના વચનો મિથ્યા કેમ થાય ? માટે ડુપ્લીકેટ ભગવા ધારીના ધબ્બા ખાવાથી ક્યારેય સુખ નહી થાય. પરંતુ શ્રીહરિના વચનોનું પાલન કરવાથી સુખ થશે એ હકીકત છે. શ્રીહરિની આજ્ઞા એ જ આચાર્યશ્રીની આજ્ઞા હોય છે. માટે પોતાનું ડહાપણ ડહોળીને આજ્ઞા બહાર પગ મૂકવો નહી.

ભક્તજનોના સહકાર વિના કોઈ ત્યાગી કંઈપણ કરવા સમર્થ નથી એટલે પહેલા દોષિત તો ભક્તજનો જ છે. દેશ વિભાગનો લેખ તોડવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ સહભાગી બને છે તે બધાને શ્રીજી મહારાજનો કુરાજીપો પ્રાપ્ત થાય છે. મહારાજ જેટલા દયાળુ છે તેટલા જ સિધ્ધાંતની બાબતમાં વજ્ર કરતા પણ કઠોર છે. **યુવાનોએ ખાસ જાગૃત થવાની જરૂર છે કારણ કે યુવાનોની ઉર્જા શક્તિનો આવા લેભાગુ ભગવાધારીઓ પોતાનો સ્વાર્થ સાધવા ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે. માટે હે યુવાનો હવે જાગો.... જાગો..... ચેતો....ચેતો... અને સાચા રાહ માટે કોઈના નહિ પરંતુ એક માત્ર ઈષ્ટદેવ શ્રીહરિના વચનો માનો અને આવા કપટીઓનું કપટ ખુલ્લું પાડો. યુવક મંડળની સભાઓમાં દેશ વિભાગના લેખની ચર્ચા કરો. આને કોઈની નિંદા ટીકા ન ગણશો. આ તો સત્સંગની સાચા અર્થમાં સેવા છે. કારણ કે સત્ય વાતનો સંગ્રહ કરવો તેને જ સત્સંગ કહેવાય છે. વળી બીજો અર્થ સત્ય એવા પરમાત્માનો સંગ એવો થાય છે. માટે પરમાત્માના વચનોને ઉજાગર કરવા અને વચનોનું પાલન કરવું એમાં જ શ્રીહરિનો રાજીપો છે. આપણા પ્રયત્નથી કોઈ એક જણ સાચા રાહ પર આવશે, દેવની નિષ્ઠાવાળો થશે તો હજાર માળા કર્યા બરાબર છે.**

સત્સંગમાંથી જન કોઈ જાશે, સત્સંગને શું નુકશાન થાય.
સમુદ્રથી જો મગરો રીસાય, સમુદ્રને ખામી કશી ન થાય.

માટે સત્સંગની મર્યાદા બહાર જે વર્તશે તો નુકશાન તેને છે. મૂળ સંપ્રદાયના મંદિરોમાં ભક્તજનોની સંખ્યા ક્યારેય ઓછી થનાર નથી પરંતુ ભૂલો પડેલો કોઈ એક વ્યક્તિ પણ જો સાચા રાહ પર આવે તો આ લેખ પર્યાપ્ત છે.

અયોધ્યાપ્રસાદજીએ જોઈતી જમીન લઈને ત્યાં થોડા માસ રોકાયા અને પોતાની હાજરીમાં જ શિખરબંધ મંદિર ઉભું કરાવ્યું. મંદિર તૈયાર થઈ ગયા પછી સારૂ મુહૂર્ત જોઈને તેમાં પોતાના નામ ઉપરથી અવધેશ્વર મહાદેવની વિધિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરાવી.

પ્રાણપ્રતિષ્ઠાનું કાર્ય નિર્વિઘ્ને પૂરૂં થઈ જવાના આનંદમાં બ્રહ્મભોજનનું મોટા પાયે આયોજન કર્યું. અનેક પ્રકારના પકવાનોની રસોઈ કરવામાં આવી. સૌને આગ્રહ કરી કરીને જમાડ્યા.

SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.

BANK NAME	:	**STATE BANK OF INDIA**
BRANCH	:	**FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001**
BENEFICIARY NAME	:	**SHREE NARNARAYAN MANDIR TRUST**
SAVING BANK A/C. NO.	:	**401 890 15898**
IFS CODE	:	**SBIN0000691**
SWIFT CODE	:	**SBININBB104**
BENEFICIARY ADDREES	:	**SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA**

Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-

If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી જૂન-૨૦૨૬

આખો અધિક માસ યજ્ઞના યજમાન શ્રી જયેશભાઈ માણેક પરિવાર - અડાલજ.

તા. ૫-૦૬-૨૦૨૬	શ્રી નંદ ધર્મેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ (સહજાનંદ પ્રસાદમ્) - ઘાટલોડિયા
તા. ૧૩-૦૬-૨૦૨૬	પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાશ્રી સત્સંગી બહેનો અમદાવાદ - હ. હજૂરી પાર્ષદ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી જૂન-૨૦૨૬

તા. ૩-૦૬-૨૦૨૬	મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર - પ્રેરક સાંખ્યયોગી કોકીલાબા તથા સાંખ્યયોગી ઉષાબા
તા. ૫-૦૬-૨૦૨૬	પ.ભ. મુળજીભાઈ મોહનભાઈ પટેલ - સાપાવાડા.
તા. ૬-૦૬-૨૦૨૬	પ.ભ. અરવિંદભાઈ નારણભાઈ પટેલ - રાણીપ.
તા. ૭-૦૬-૨૦૨૬	(૭ વાગે) સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર - આર.સી. ટેકનિકલ. (૧૧ વાગે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કર્મશક્તિ નરોડા (૩ વાગે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - આદિશ્વરનગર નરોડા
તા. ૯-૦૬-૨૦૨૬	પ.ભ. પરસોતમભાઈ નારણભાઈ પટેલ - બોપલ.
તા. ૧૧-૦૬-૨૦૨૬	સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર - રાણીપ
તા. ૧૩-૦૬-૨૦૨૬	શ્રી સ્વામિનારાયણ મંદિર - હર્ષદ કોલોની - હ. દાસભાઈ - બાપુનગર.
તા. ૧૪-૦૬-૨૦૨૬	(સવારે) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - ધોળકા - પ્રે. મહંત સ્વામી સત્યસંકલ્પદાસજી (૧૧ વાગે) શ્રીમતિ મંજુલાબેન રસિકલાલ સોની પરિવાર - નારણપુરા.
તા. ૨૧-૦૬-૨૦૨૬	પ.ભ. મધુભાઈ ધરમશીભાઈ દોંગા - નિકોલ.
તા. ૨૮-૦૬-૨૦૨૬	પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકૂળના રાજીપાર્થે પ્રે. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી - હ. સંકેત અશોકભાઈ લાખાણી - ન્યુ નિકોલ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી જૂન-૨૦૨૬

રૂા. ૫૧,૦૦૦/-	પ.ભ. દિપક રમણીકલાલ રાસ્તે તથા વંદના દિપક રાસ્તે - અમદાવાદ.

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "સાચા ભક્ત બનવું કઠિન છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણને સંસારમાં **'મોહ'** અને **'આસક્તિ'** થાય છે ને, એ જો ભગવાનમાં થાય તો **'ભક્તિ બની જાય છે. ખાલી દિશા બદલવાની છે.** કોઈપણ તાળું હોય તે ખોલવા અને બંધ કરવા બન્ને કામ માટે એક જ ચાવી હોય છે. હવે નંબરવાળા લોક આવે છે. નંબર પણ એક જ હોય છે. **ખાલી દિશા ફેરવવાની હોય છે.** દિશા ફેરવો તો લોક ખુલે છે, અને વિરુદ્ધ ફેરવો તો બંધ થાય છે. એવી રીતે આપણને મોહની ટેવ પડી છે, એની દિશા ફેરવશો તો મુક્તિ અને બંધન થાય છે. **'સંસાર તરફ ફેરવશો તો બંધન, ભગવાન તરફ મુક્તિ'** પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિ માર્ગ એની વાત મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં કરી છે. એક ત્યાગી ભક્ત છે. તેણે સંસારનો ત્યાગ કર્યો છે. તેને અતિ તીવ્ર વૈરાગ્ય નથી, અને દેહે કરીને તો યથાર્થ વર્તમાન પાળે છે. મનમાં થોડી સંસારની વાસના છે તેને વિચારે કરીને ખોટી કરી નાખે છે. ભગવાનનો નિશ્ચય પણ દૃઢ છે. બીજો ગૃહસ્થ ભક્ત છે તેને પણ ભગવાનનો નિશ્ચય દૃઢ છે અને આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે અને સંસાર થકી ઉદાસ છે. જેટલી ત્યાગીને જગતની વાસના છે તેટલી તે ગૃહસ્થને પણ છે, એ બે માં શ્રેષ્ઠ કોણ ? પછી મુક્તાનંદ સ્વામીએ કીધું કે : "ત્યાગી ભક્ત શ્રેષ્ઠ છે." પછી મહારાજ બોલ્યા જે, ત્યાગી હોય તેને સારી પેઠે ખાવા મળે આરામ મળે અને જો કાચી મતિવાળો હોય તો પાછી સંસારની વાસના હૃદયમાં ઉદય થાય, અથવા ઘણું દુઃખ પડે તો પણ સંસારની વાસના ઉદય થાય એવા ત્યાગી કરતા તો ગૃહસ્થ ઘણો સારો. કેમ જે, ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે, ત્યારે તે એમ વિચાર રાખે જે **'રખે મારે આમાથી બંધન થાય'** એવું જાણીને તે સંસારમાંથી ઉદાસ રહે, માટે ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતા ઘણો શ્રેષ્ઠ છે. બંધન બધી વસ્તુથી થાય છે. ખોટા કર્મો કરો કે સારા કર્મો કરો **કર્તાપણાની ભાવના આવી જાય છે એટલે બંધન થાય છે. 'સંજોગાધીન' અર્થાત્ કેટલા બધા સંજોગો મળીને એક કાર્ય થાય છે. એને મેં કર્યું કેવી રીતે કહેવાય ? એવું વિચારીએ તો કર્તાપણામાંથી મુક્તિ મળે છે.** બાજું એ કે જે કાર્ય કરો તેમાં તમે અહંકારથી સંપૂર્ણપણે મુક્ત હોવ તો પણ કર્તાપણામાંથી મુક્તિ મળે છે. નહિ તો સારા કાર્યો કરતી વખતે પણ સકામ ભાવના આવી જાય અથવા તો મેં કર્યું એવું થાય તો કર્મનું બંધન થાય છે. દા.ત. કોઈ પક્ષી સોનાના પીંજરામાં હોય એ સારા કર્મોનું ફળ છે. લોખંડના પીંજરામાં હોય એ ખોટા કર્મોનું ફળ છે. પણ છે તો 'પીંજરુ' જ ભલે સોનાનું હોય કે લોખંડનું, છે તો બંધન જ. **એવા કર્મો કરવાના કે બંધન જ ના થાય.** નિષ્કામ ભાવથી ભક્તિ થાય તો બંધન થતું નથી અને કલ્યાણ થાય છે. સતત ભગવાનનું નામ-સ્મરણ ચાલુ રહે તો પણ વિચારો શુધ્ધ થાય છે ને મન શાંત થાય છે. ભગવાનનું નામ જોડાઈ જાય છે ત્યાં અશાંતિ અને ક્રોધનું સ્થાન હોતું નથી. સવારે પૂજા કરી લીધી એટલે પતી ગયું એવું હોતું નથી. રોજ નિયમિત દર્શન કરો. નામ સ્મરણ સતત ચાલુ રહે એવો પ્રયત્ન કરો. ખેડૂત પણ 'ફસલ' કાપે છે પછી બધુ પુરુ થઈ જાય છે ? આખું જીવન ચાલી જાય છે ? એવું નથી હોતું..... ફરી પાછી'વાવણી' કરવી પડે છે. એમ સત્સંગમાં પણ નિરંતરતા રાખવાની, ભક્ત બન્યા પછી સાચા ભક્ત બનવું કઠિન છે. સાચા ભક્તોનો સમાગમ મળવો મહા કઠિન છે. સાચા ભક્તોનો સમાગમ ના મળે તો જોઈએ એવું પોષણ મળતું નથી. ૮૦% લોકો પ્રવૃત્તિમાર્ગમાં રહીને ભક્તિ કરતા હોય છે. પ્રવૃત્તિમાર્ગમાં અડચણો આવે છે. દા.ત. આપણે મુસાફરી કરતા હોય તો ઘણી જગ્યાએ બે રસ્તા હોય છે. એક રસ્તો હોય બાયપાસ થઈને જવાનો અને બીજો રસ્તો શહેરની અંદરથી જવાનો. બાયપાસમાં ભીડ ના હોય અને શહેરની અંદરથી જવામાં ભીડ હોય રોકાઈને જવું પડે. પ્રલોભનો

પણ હોય. શહેરની અંદરથી જવાનો રસ્તો એ પ્રવૃત્તિમાર્ગ છે. નિવૃત્તિમાર્ગમાં બાયપાસ રસ્તો છે. પ્રવૃત્તિમાર્ગ એટલે ગૃહસ્થજીવનમાં મનથી ભગવાનમાં જોડાઈને રહો, ફરજો પુરી કરો, કર્તાપણાની ભાવના ન આવવી જોઈએ, ધર્મને પણ જાળવીને રાખો, દીકરા-દીકરી પ્રત્યેનું કર્તવ્ય, સમાજનું પણ જોવાનું એમ ઘણી અડચણો આવે છે. ક્યારેક એવું પણ બને છે. શહેરના અંદરના કરતા બાયપાસથી ભીડ વધારે હોય છે. અર્થાત્ નિવૃત્તિ લઈ લીધી છતાં પણ અડચણો વધારે હોય છે. ટૂંકો રસ્તો લીધો પણ વાહન જ ખરાબ હોય તો ?? નિવૃત્તિમાર્ગ લીધો પણ અંતર-મન જ દૂષિત હોય તો ?? એનો અર્થ એવો થયો કે આપણે જે સાધનરૂપી રસ્તો લીધો છે એ સાધનમાં ક્યાંક દોષ હશે. એટલે જલ્દી નીકળાશે નહિ. વાહનનો વાંક છે. અર્થાત્ સ્વભાવનો દોષ છે. આપણે ઘણા બધા પ્રલોભનો જોઈને ક્યાંક રોકાઈ જઈએ છીએ કે આ લઈ લઉ પછી નીકળું એવું થઈ જાય છે. **એટલે આપણું સાધન એવું વ્યવસ્થિત હોવું જોઈએ કે ક્યાંય અટકી ન જવાય. કહેવાનો અર્થ છે કે પ્રવૃત્તિમાર્ગ અપનાવો કે નિવૃત્તિમાર્ગ અપનાવો પણ ધ્યાન એ રાખવાનું છે કે સાચા ભક્ત બનો. 'સાચા ભક્ત બનવું કઠિન છે'** જરૂર પુરતું ભેગું કરવાનુ. ગમે તેટલા પૈસા હોય તોય દાળ-ભાત, શાક-રોટલી જ ખાવાના છે. રૂપિયા કાંઈ ખાઈ શકાતા નથી. કોઈ સાથે વેર નહિ રાખવાનું. કોઈની 'હાય' નહિ લેવાની, કોણ કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે તે આપણને ખબર નથી. માટે બને તેટલું શાંતિથી અને પ્રેમથી રહેવાનું. કોઈ કાંઈ તકલીફમાં હોય એમને કાંઈ ન આપી શકો તો કાંઈ નહિ પાસે બેસીને સાંત્વના આપી દો એમને સાંભળી લો. કોઈ પણ બાબતમાં આપણે બીજાની જોડે સરખામણી નહિ કરવાની, આપણું ઘર સાચવવાનું. કોઈ કઈ રીતે પોતાનું ઘર ચલાવે છે એ નહિ વિચારવાનું, આપણા ઘરનો શું નિયમ છે, એ આપણે જોવાનું. બીજાનું જોઈને બીજાની જેમ આપણે નહિ કરવાનું. મહારાજે જે કીધેલુ છે એ પ્રમાણે રહેવાનું. જ્યારે મુંઝવણ થાય ત્યારે એ જ યાદ કરી લેવાનું કે **ભરતખંડના રાજા 'નરનારાયણદેવ' મળ્યા છે.** એમના સાંનિધ્યમાં કેટલું બધુ બેસવાનુ મળે છે. મન ફાવે ત્યારે આવો, પ્રદક્ષિણા કરો, માળા કરો, થાંભલા ઉપર ચઢી જાવ, કોઈ રોકવાવાળું છે જ નહિ. **સત્સંગનું આવું સુખ આખા બ્રહ્માંડમાં ક્યાંય જોયુ છે ?** પરોક્ષમાં જાવ તો થોડી થોડી વારમાં પડદા પાડી દે છે. અમુક જગ્યાએ પૈસા આપો તો દર્શન થાય. આપણે નિંદા નથી કરતા દરેકને પોતપોતાના નિયમ હોય છે. પણ કહેવાનો અર્થ છે કે **આપણા સત્સંગમાં કેટલું બધુ સુખ છે !** તમારાથી થાય એટલી શાંતિથી ભક્તિ કરો. એક જન્મમાં કરેલી ભક્તિ કેટલા બધા પાપોનો નાશ કરવા માટે સક્ષમ છે. તમારા બધાની બુધ્ધિ નિર્મળ થાય, ખૂબ ભક્તિ કરી શકો, નામ સ્મરણ અખંડ થયા કરે, એના માટે શ્રી નરનારાયણદેવ ખૂબ શક્તિ આપે એવી પ્રાર્થના.

●

હરિ ને હર એક જ છે

- ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)

શુકદેવજી મહારાજ કથા કરે છે. એકવાર ઈન્દ્રરાજાને રસ્તામાં દુર્વાસા ઋષિનાં દર્શન થયા. પોતાના ગળામાં ફૂલની માળા ઉતારીને ઋષિએ ઈન્દ્રદેવને આપી. અતિ સંપત્તિમાં જીવ ભાન ભૂલે છે. કોઈ સાધુ સંત તમને ફળ આપે, ફૂલ આપે તે માથે ચડાવજો. તમારું લેવાની ઈચ્છાથી આપતા નથી. તમારું કલ્યાણ થાય તે ભાવનાથી આપે છે.

દુર્વાસા ઋષિએ પ્રેમથી તે માળા ઈન્દ્રને અર્પણ કરી હતી. પણ ઈન્દ્રરાજાએ કદર કરી નહિ. ઈન્દ્રદેવે તે માળા હાથીના મસ્તક ઉપર ફેંકી દીધી. હાથી સૂંઢથી તે માળા ઉતારીને પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસા ઋષિને તે ઠીક લાગ્યું નહિ. સંપત્તિમાં જે ભાન ભૂલ્યો છે તે દરિદ્રી થાય ત્યારે તેની અક્કલ ઠેકાણે આવે છે. ફૂલમાં લક્ષ્મીનો નિવાસ છે.

જે ઘરમાં ફૂલ પગ તળે કચરાય તે ઘરમાં લક્ષ્મીજી બિરાજતા નથી. જે ઘરમાં સાયંકાળે કજિયા થાય તે ઘરમાં લક્ષ્મીજી બિરાજતાં નથી. સાયંકાળે કજિયો ન કરો. સાયંકાળે લક્ષ્મીનારાયણ ઘરે આવે છે. તમારા આંગણે આવેલાનો અનાદર ન કરો. સાયંકાળે સૌભાગ્યવતી સ્ત્રી માથું ઓળાવવા બેસે તે ઘરમાં લક્ષ્મીજી બિરાજતા નથી. સૌભાગ્યવતી સ્ત્રીના કેશમાં લક્ષ્મીજીનો વાસ છે. ઘરમાં સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે લોકો ભોજન કરે છે તે

ઘરમાં લક્ષ્મીજી બિરાજતા નથી.

દુર્વાસા ઋષિએ ઈન્દ્રરાજાને શાપ આપ્યો કે તને બહુ અભિમાન થયું છે તું દરિદ્ર થઈશ. દેવ-દૈત્યોનું યુધ્ધ થયું તે યુધ્ધમાં દેવોની હાર થઈ. સ્વર્ગનું રાજ્ય રાક્ષસોને આપ્યું. ઈન્દ્ર પાસેથી સ્વર્ગનું રાજ્ય ચાલ્યું ગયું. દેવો દુઃખી થયા. તેમણે પરમાત્માની સ્તુતિ કરી. પ્રભુએ આજ્ઞા કરી તમે સમુદ્ર મંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે યુક્તિથી હું તમને પીવરાવીશ આ કામ બહુ મોટું છે. તમે એકલા તે કરી નહિ શકો. દૈત્યોની મદદ કરો. શત્રુને વંદન કરીને વશ કરો. શત્રુ તમારા કામમાં વિના કારણ વિઘ્ન કરશે. તમારા શત્રુ-દૈત્યો સાથે મૈત્રી કરો, વંદન કરવાથી, માન આપવાથી, મધુર વાણીથી વેરનો અંત આવે છે. મૈત્રી સિધ્ધ થાય છે. દૈત્યો જે કંઈ માગે તે તમે તેમને આપજો.

દેવો દૈત્યોની મૈત્રી થઈ. મંદરાચલ પર્વતનો રવો બનાવ્યો અને તેને સમુદ્રમાં પધરાવ્યો. સમુદ્રમાં ઔષધિઓ નાખી મંથન કરવા ગયા ત્યાં મંદરાચલ પર્વત સમુદ્રમાં ડુબવા લાગ્યો. બધા ગભરાયા ત્યારે કૂર્મનારાયણ ભગવાન પ્રગટ થયા. તેમણે પોતાની પીઠ પર મંદરાચલ પર્વત રાખ્યો.

શાંતિથી થોડો વિચાર કરશો તો ધ્યાનમાં આવશે. પંદર પૂરા થાય અને સોળમું વર્ષ બેસે ત્યારથી મનમાં મંથન શરૂ થાય છે. આ જીવ યૌવનમાં પ્રવેશ કરે કે મનમાં મંથન થાય છે. પૂર્વજન્મમાં જેણે સુખ ભોગવ્યું હોય તેને સુખના સંસ્કારો જાગે છે. ધીરે ધીરે વાસના જાગૃત થાય છે. સમુદ્રનું વિવેકથી મંથન કરવાનું છે. પંદર પૂરા થયા કે સાવધાન રહેજો. યૌવન એ ખરાબ કાળ છે. એમાં મોટા મોટા ભાન ભૂલ્યા છે. માનવ મનથી પાપ કરે તો ભગવાન થોડી ક્ષમા આપે છે, પણ તનથી પાપ થાય તો ક્ષમા નથી, જીવન બગડે છે. યૌવનકાળ શરૂ થાય ત્યારે બહુ સાવધાન રહેવાનું છે. તમારા મનને પર્વત જેવું સ્થિર કરો, પર્વત બોલે નહિ, હાલે નહિ ચાલે નહિ. આ મનને કૂર્મ નારાયણની પીઠ ઉપર રાખો. મૂર્તિ અને મંત્રનો જે આધાર છે તેનું જ મન સ્થિર રહે છે. સ્વરૂપ સેવા અને નામ સ્વરૂપ સેવા અને નામ સ્વરૂપોનો આધાર મળે તો જ મન સ્થિર થાય છે. નિરાધાર મન સમુદ્રમાં ડૂબે છે.

દેવ-દૈત્યો મંથન કરતા હતા અમૃતને માટે પણ નીકળ્યું ઝેર. ભક્તિ એ અમૃત છે. જ્ઞાન એ અમૃત છે. જ્ઞાન ભક્તિ રૂપી અમૃતનું પાન કરવું હોય તો પહેલું ઝેર મળે છે. જે ભગવાનની પાછળ પડે છે તેની ભગવાન પરીક્ષા કરે છે, કસોટી કરે છે. પછી કૃપા કરે છે. જે ભગવાનની પાછળ પડે, તેના જીવનમાં દુઃખના પ્રસંગો આવે તે ઝેર છે. દુઃખ એ ઝેર છે. પ્રતિકુળ પરિસ્થિતિ એ ઝેર છે. જગતમાં કદાચ તેની ખોટી ખોટી નિંદા પણ થશે, નિંદા એ ઝેર છે. કર્કશ વાણી એ ઝેર છે. ઝેર સહન કરો. સહન કરનાર બહુ જ સુખી થાય છે.

વિદેશના હરિભક્તોને સૂચન

આપણા વિદેશના મંદિરો, અમેરિકા, યુ.કે. કેનેડા, ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલીયા, આફ્રિકા આદિ મંદિરોમાં અવાર-નવાર ઉત્સાવો, પાટોત્સાવ, સામાજિક - સોશ્યલ પ્રવૃત્તિઓ થતી હોય છે. જેની જાણ સમસ્ત સત્સંગને થવી જોઈએ તે માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા છે કે આપણી દરેક પ્રવૃત્તિના ફોટોગ્રાફ અને ન્યુઝ આપણા શ્રી સ્વામિનારાયણ અંકમાં પ્રકાશિત માટે જે તે મંદિરના કોઠારીશ્રીને મોકલવા ખાસ અનુરોધ છે.

સંપર્ક નંબર : **9313706095**

E-mail : shreeswaminarayan9@gmail.com

અંક પોસ્ટમાં ન મળતા હોય તેમને સૂચન

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત રૂપે પોસ્ટ થાય છે. દરેક વિસ્તારના પીનકોડ પ્રમાણે સોર્ટિંગ કરીને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. તેમ છતાં ઘણા વિસ્તારમાં નિયમિત અંક મળતા નથી તેવી ફરિયાદ હોય છે. તેમને ખાસ સૂચન છે કે આપના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં તેમની ફરિયાદ બુકમાં અચૂક ફરિયાદ બુક માગીને ફરિયાદ લખાવવાનો આગ્રહ રાખવો. ૨૦ તારીખ પછી અંક ન મળે તો અત્રે ઓફિસમાં જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો ફરીવાર આપને મોકલીશું. આપનો સભ્ય નંબર અચૂક જણાવવો. સંપર્ક :

શ્રી સ્વામિનારાયણ માસિક ઓફિસ :

9313706095

પ.ભ. ગોરધનભાઈ સીતાપરા : **8980804941.**

સત્સંગ સમાચાર

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર પવિત્ર અધિક માસ ધામધૂમ પૂર્વક સંપન્ન થયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં પવિત્ર અધિક પુરૂષોત્તમ માસ (અધિક જેઠ) પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના સાનિધ્યમાં અને સમગ્ર ધર્મકૂળની નિશ્રામાં ખૂબજ ધામધૂમ અને ભવ્યતાથી ઉજવાયો. સમગ્ર આયોજન નિજમંદિર પરિસરમાં જ સંપન્ન થયું હતું. આવી અસહ્ય ગરમીમાં પણ રોજ રોજના ઉત્સવના દર્શનમાં ભાવિક ભક્તો દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં પધારતા હતા. આખા માસ દરમ્યાન ૩ જેટલી તો કથા પારાયણ સભા મંડપમાં થઈ હતી. પાટોત્સવ, મહાભિષેક, અન્નકૂટોત્સવ, તુલસી વિવાહ, હિમાલય દર્શન, રાજોપચાર, હિંડોળા આદિ પ્રસંગોના દર્શન ક્યારેય ભૂલાશે નહી તેવા અદ્‌ભુત અલૌકિક દર્શન હતા. બહેનોની હવેલીમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં તા. ૧૪-૬-૨૦૨૬ રવિવારના ભવ્ય ઉત્સવ થયો હતો. હજારોની સંખ્યામાં બહેનોએ દર્શનનો અલૌકિક લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા.

સમગ્ર માસ દરમ્યાન પૂ. મહંત સ્વામીની સુંદર દેખરેખ હેઠળ પૂ. કોઠારી જે.પી. સ્વામી, પૂ. કોઠારી બાલુ સ્વામી, ભંડારી સ્વામી, હરિચરણ સ્વામી (નટુ સ્વામી), ભક્તિ સ્વામી, દિવ્યસ્વરૂપ સ્વામી આદિ સંત મંડળ અને બાપુનગર આદિ વિસ્તારના ભાઈઓ-બહેનો હરિભક્તોએ ખૂબજ શ્રધ્ધા-ભાવનાથી અન્નકૂટ આદિ અનેક પ્રવૃતિમાં સેવા કરી હતી. આખા અધિક માસમાં મંદિર ઉપર તિથિ પ્રમાણે પ્રસંગો ભવ્યતાથી ઉજવાયા તે સેવામાં પ.ભ. રણજીતસિંહ ઝાલા, હાર્દિક રાજપુરોહિત, નિલેશ ખરસાણી, બ્રિજેશ પાવરા, ફેનિલ પટેલ, કાર્તિક પરીખ, શિશિર પરીખ, ઘાટલોડિયા, જીવરાજપાર્ક, કર્મશક્તિ બાપુનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મોડી રાત્રી સુધી અવિરત સેવા કરતા હતા.

અધિક માસમાં સૌ સંત હરિભક્તોની સેવાની નોંધ શ્રી નરનારાયણદેવે લીધી છે. શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સ્વામીએ પણ ઠાકોરજીને અઢી માસ પર્યન્ત અલૌકિક મલિયાગર ચંદનના અદ્‌ભુત વાઘા ધારણ કરાવી દર્શન કરાવ્યા તે તમામ પૂજારી સંતોને અનેકાનેક ધન્યવાદ છે.

આખા પવિત્ર અધિક પુરૂષોત્તમ માસમાં વિવિધ ઉત્સવોમાં જેઓએ યજમાન બની લાભ લીધો તેની યાદી.

અધિક જેઠ સુદ-૧ તા. ૧૭-૫-૨૦૨૬ રવિવાર **"ગ્વાલબાલ દર્શન"** યજમાનશ્રી અ.નિ. બાબુભાઈ મણીલાલ શાહ પરિવાર. અધિક જેઠ સુદ-૨ તા. ૧૮-૫-૨૦૨૬ સોમવાર **"રથયાત્રા"** યજમાનશ્રી પ.ભ. જ્યોતિબેન જીતેન્દ્રભાઈ પટેલ. અધિક જેઠ સુદ-૩ તા. ૧૯-૫-૨૬ મંગળવાર **"શ્રી નરનારાયણદેવ પાટોત્સવ"** યજમાનશ્રી અ.નિ. અમૃતલાલ જગજીવનદાસ પટ્ટણી, અ.નિ. કાંતાબેન અમૃતલાલ પટ્ટણી (વઢવાણવાળા). અધિક જેઠ સુદ-૪ તા. ૨૦-૫-૨૦૨૬ બુધવાર **"શ્રી ગણેશ પૂજન"** યજમાનશ્રી પ.ભ. સુરેશભાઈ મણીભાઈ પટેલ (પોરવાળા - સાબરમતી - અમદાવાદ). અધિક જેઠ સુદ-૫ તા. ૨૧-૫-૨૬ ગુરુવાર **"શિક્ષાપત્રી જયંતી-વસંત પંચમી"** યજમાનશ્રી (૧) પ.ભ. રમેશભાઈ રણછોડભાઈ માંદડીયા (નિકોલ) (૨) પ.ભ. જીતેન વ્રજલાલ વઘાસીયા (અમદાવાદ) (૩) પ.ભ. રવિ જયંતિભાઈ પટેલ (નિકોલ) - હ. આશાબેન (૪) પ.ભ. તેજેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ - હ. બ્ર. રામ સ્વામી. **"હવેલી શ્રી ઘનશ્યામ મહારાજપાટોત્સવ"** યજમાનશ્રી અ.નિ. શારદાબેન શેલત - હ. અસ્મિતાબેન કે. શેલત (અમદાવાદ) - પ્રેરક : સાંખ્યયોગી મંજુબા - હવેલી. અધિક જેઠ સુદ-૬/૭ તા. ૨૨-૫-૨૦૨૬ શુક્રવાર **"શાકોત્સવ"** યજમાનશ્રી (૧) પ.ભ. જયંતિલાલ કાનજીભાઈ ઠક્કર પરિવાર (બાવળા) (૨) પ.ભ. જીતેન વ્રજલાલ વઘાસીયા (અમદાવાદ). અધિક જેઠ સુદ-૮ તા. ૨૩-૫-૨૦૨૬ શનિવાર **"રાધાષ્ટમી"** યજમાનશ્રી (૧) પ.ભ. રવિભાઈ શિવજી હાલાઈ (દહીંસરા-કચ્છ- હાલ સીડની) (૨) પ.ભ. જીલ હિતેન્દ્રભાઈ પટેલ (શીલજ) (૩) પ.ભ. ઉષાબેન રમેશભાઈ પટેલ (સી.એ.) (સાબરમતી) (૪) મેક પ્લાસ્ટ - હ. જીતેનભાઈ વઘાસીયા. અધિક જેઠ સુદ-૯ તા. ૨૪-૫-૨૦૨૬ રવિવાર **"બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ"** યજમાનશ્રી પ.ભ. રામદાસ બાપા પટેલ પરિવાર (ઉનાવા) - હ. પ.ભ. જીગરભાઈ વિક્રમભાઈ પટેલ, પ.ભ. ભાવિક સંજયભાઈ પટેલ. **"રામનવમી-શ્રીહરિ જયંતી"** યજમાનશ્રી (૧) અ.નિ. રમણલાલ દામોદરદાસ સોની - હ. જયેશભાઈ રમણલાલ સોની (૨) પ.ભ. વાલજીભાઈ કરશનભાઈ હિરાણી (બળદીયા-કચ્છ) (૩) પ.ભ. મિનાક્ષીબેન પ્રવિણચંદ્ર પટેલ (૪) પ.ભ. નુપુર ધ્રુવ પટેલ - હ. કે.કે. પટેલ. અધિક જેઠ સુદ-૧૦ તા. ૨૫-૫-

૨૦૨૬ સોમવાર **"દશેરા"** યજમાનશ્રી પ.ભ. જ્યોતિબેન જીતેન્દ્રભાઈ પટેલ. અધિક જેઠ સુદ-૧૧ તા. ૨૬-૫-૨૦૨૬ મંગળવાર **"તુલસી વિવાહ"** યજમાનશ્રી (૧) પ.ભ. ઈશ્વરભાઈ મોહનભાઈ પટેલ (સાપાવાડા) (૨) પ.ભ. અશ્વિનભાઈ દાનુભાઈ વાઢેર (માંડલ). અધિક જેઠ સુદ-૧૧ (અગીયારસ) તા. ૨૭-૫-૨૦૨૬ બુધવાર **"હાટડી"** યજમાનશ્રી (૧) પ.ભ. મનિષભાઈ જીતેન્દ્રભાઈ ચોકસી (૨) અ.નિ. કાશીબેન અરજણભાઈ સાંચાણી - હ. રેખાબેન કનુભાઈ સાંચાણી. અધિક જેઠ સુદ-૧૨ તા. ૨૮-૫-૨૬ ગુરુવાર **"વામન જયંતી"** યજમાનશ્રી (૧) પ.ભ. ગણપતભાઈ ગંગારામભાઈ પટેલ (મેમનગર) ચિ. જયના જન્મદિન નિમિત્તે (૨) પ.ભ. ભાવસાર સંદિપકુમાર મહેન્દ્રભાઈ - હ. ધ્વનિત, ખનક, હિર, આશાબેન ભાવસાર પરિવાર (વિસનગર), **"રંગમહોલ ઘનશ્યામ મહારાજ પાટોત્સવ"** યજમાનશ્રી હરિઊઁ પરિવાર - હ. પ.ભ. શૈલેષભાઈ હરેશભાઈ ભાવસાર. અધિક જેઠ સુદ-૧૩ તા. ૨૯-૫-૨૦૨૬ શુક્રવાર **"પેંડા નો મનોરથ"** યજમાનશ્રી પ.ભ. ઉષાબેન વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલ - હ. દક્ષાબેન અનિષભાઈ પટેલ, પ્રત્પુથા અનિલભાઈ પટેલ (ધમાસણા-ઓસ્ટ્રેલીયા) પ્રેરક - જે.પી. સ્વામી. અધિક જેઠ સુદ-૧૪ તા. ૩૦-૫-૨૦૨૬ શનિવાર **"નૃસિંહ જયંતી"** યજમાનશ્રી પ.ભ. નિલેશભાઈ ગોપાલભાઈ વેકરીયા પરિવાર, પ.ભ. રવજીભાઈ ખીમજીભાઈ હાલાઈ પરિવાર (બળદીયા-અમદાવાદ). અધિક જેઠ સુદ-૧૫ (પૂનમ) તા. ૩૧-૫-૨૬ રવિવાર **"કેસર સ્નાન"** યજમાનશ્રી : શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે એક હરિભક્ત - હ. મહંત સ્વામી.

અધિક જેઠ વદ-૧ તા. ૧-૬-૨૦૨૬ સોમવાર **"પુષ્પદોલોત્સવ શ્રી નરનારાયણદેવ જયંતી"** યજમાનશ્રી (૧) પ.ભ. વિશાલકુમાર ભીમજીભાઈ ગોરસીયા, પ.ભ. ખુશાલીબેન વિશાલભાઈ ગોરસીયા, સુપુત્રો - શૌર્ય અને રિઆન (૨) શ્રીમતી લલીતાબેન ભરતકુમાર પટેલ (સોલાવાળા) (૩) પ.ભ. તેજેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ હસ્તે - બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી (૪) પ.ભ. પ્રકાશચંદ્ર બળદેવદાસ પટેલ. અધિક જેઠ વદ-૨ તા. ૨-૬-૨૦૨૬ મંગળવાર **"સૂકામેવો હિંડોળા"** યજમાનશ્રી (૧) પ.ભ. નેન્શી મિતકુમાર બારોટ - હ. દિવ્યસ્વરૂપ સ્વામી (૨) અ.નિ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ શિષ્ય મંડળ - હસ્તે શોભાબેન તેવાર (અમેરિકા) (૩) અ.નિ. નટવરલાલ ગંગારામ સોની (આખજવાળા) પ્રીતિ જ્વેલર્સ - રાણીપ (૪) પ.ભ. સોની અરવિંદભાઈ લાલજીભાઈ (રામપુરા-ભંકોડવાળા) - ન્યુ રાણીપ. અધિક જેઠ વદ-૩ તા. ૩-૬-૨૦૨૬ બુધવાર **"ફૂટ હિંડોળા"** યજમાનશ્રી પ.ભ. અશોકભાઈ મણીભાઈ પટેલ (બિલાસીયાવાળા) - હ. જે.પી. સ્વામી. અધિક જેઠ વદ-૪ તા. ૪-૬-૨૦૨૬ ગુરુવાર **"આમ્રકુંજ હિંડોળા"** યજમાનશ્રી પ.ભ. અંક્ષ રવિભાઈ પટેલ - હસ્તે સરોજબેન મુકેશભાઈ પટેલ (દેલવાડા). અધિક જેઠ વદ-૫ તા. ૫-૬-૨૦૨૬ શુક્રવાર **"ગીરીકંદ્રા હિંડોળા"** યજમાનશ્રી શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ (ન્યુ રાણીપ) અધિક જેઠ વદ-૬ તા. ૬-૬-૨૦૨૬ શનિવાર **"સાવનભાદો હિંડોળા"** યજમાનશ્રી પ.ભ. પટેલ રાજેશકુમાર ઈશ્વરભાઈ (સાપાવાડા) - હ. ઈશ્વરભાઈ પટેલ (કોઠાર ઓફિસ). **"કેરીનો અન્નકૂટ"** યજમાનશ્રી પ.ભ. અશ્વિનભાઈ બાબુભાઈ સોની, દીપાલી અશ્વિનભાઈ સોની, નેન્સી, દર્શ અશ્વિનભાઈ સોની. અધિક જેઠ વદ-૭ તા. ૭-૬-૨૦૨૬ રવિવાર **"કુંજગલી"** યજમાનશ્રી પ.ભ. કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર - હ. પ્રશાંતભાઈ, હેમલતાબેન, શોભનાબેન, જયકિશન, રિધ્ધિ. **"સાટાનો અન્નકૂટ"** યજમાનશ્રી અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની, - હ. મહેન્દ્રભાઈ બાબુલાલ સોની, ધર્મેશભાઈ, તેજસભાઈ, અંકિતભાઈ - હાલ સરખેજ, અમદાવાદ (સરાવાળા) અધિક જેઠ વદ-૮ તા. ૮-૬-૨૦૨૬ સોમવાર **"જન્માષ્ટમી"** યજમાનશ્રી (૧) પ.ભ. પટેલ માહિર બિરેનભાઈ - હ. હિમાનીબેન ગૌરવકુમાર પટેલ (૨) પ.ભ. મોદી ઘનશ્યામભાઈ ભોગીલાલ (વિસનગર) (૩) પ.ભ. હંસાબેન જયંતીલાલ શાહ, જયંતીલાલ જમનાદાસ શાહ - હ. કુલમંડળી - ડૉ. સતીષભાઈ - પ્રેરક : મહંત સ્વામી (૪) પ.ભ. વિમલકુમાર કાંતિલાલ ફિચડીયા (૫) પ.ભ. શશીકાંતભાઈ પ્રભુદાસ ઠક્કર (કાંકરિયા). **"ફ્રૂટનો અન્નકૂટ"** યજમાનશ્રી અ.નિ. જીતેન્દ્રકુમાર રમણલાલ આદેસરા (ચુડાવાળા), ગં.સ્વ. દીનાબેન જીતેન્દ્રકુમાર આદેસરા, બ્રિજેશભાઈ જીતેન્દ્રકુમાર આદેસરા. અધિક જેઠ વદ-૯ તા. ૯-૬-૨૦૨૬ મંગળવાર **"નંદ મહોત્સવ"** યજમાનશ્રી (૧) પ.ભ. ભરતભાઈ તથા રવિન્દ્રભાઈ પટેલ (રાણીપ) (૨) શ્રી નરનારાયણ સોસાયટી મહિલા મંડળ (રાણીપ). અધિક જેઠ વદ-૧૦ તા. ૧૦-૬-૨૦૨૬ બુધવાર **"હિમાલય દર્શન"** યજમાનશ્રી પ.ભ. પટેલ શૈલેષભાઈ ગોવિંદભાઈ (મોખાસણ) - ફૂલ મંડળી અધિક જેઠ વદ-૧૧ તા. ૧૧-૬-૨૦૨૬ ગુરુવાર **"હિમાલય દર્શન"** યજમાનશ્રી ગં.સ્વ. શારદાબેન પ્રભુદાસ માણેક - હ. જયેશભાઈ માણેક અધિક જેઠ વદ-૧૨ તા. ૧૨-૬-૨૦૨૬ શુક્રવાર **"વનવિચરણ"** યજમાનશ્રી પ.ભ. સોની જીજ્ઞેશકુમાર નટવરલાલ. અધિક જેઠ વદ-૧૩ તા. ૧૩-૬-૨૦૨૬ શનિવાર **"લક્ષ્મીપૂજન, ધનતેરસ"** યજમાનશ્રી (૧) પ.ભ. જગદીશભાઈ કેશવલાલ પટેલ (રાણીપ-રાજપુરવાળા) - હ. જીનલ, જીગર, શયાન, શીવ (૨) પ.ભ. સોની જયંતિલાલ રામજીભાઈ (સેટેલાઈટ) (૩) પ.ભ. મંજુલ **"કૈલાસ માનસરોવર"** યજમાનશ્રી પ.ભ. સમીરભાઈ પટેલ - હ. શ્રી નરનારાયણદેવના ચરણ સેવક બ્રહ્મચારી સ્વામી

ઘનશ્યામાનંદજી અધિક જેઠ વદ-૧૪ તા. ૧૪-૬-૨૦૨૬ રવિવાર **"શ્રી હનુમાનજી પૂજન"** યજમાનશ્રી (૧) પ.ભ. પ્રજાપતિ રાકેશભાઈ અમીચંદભાઈ (ગાંધીનગર) (૨) પ.ભ. મનોજભાઈ નટુભાઈ તથા પ.ભ. અલ્પેશભાઈ નટુભાઈ - હ. જે. પી. સ્વામી (૩) પ.ભ. મીત હરેશભાઈ સોલંકી. **"શ્રી નરનારાયણદેવ રાજોપચાર"** યજમાનશ્રી સાંખ્યયોગી માતાઓ (હવેલી-કાલુપુર) અધિક જેઠ વદ-૩૦ તા. ૧૫-૬-૨૦૨૬ સોમવાર **"ગોવર્ધન પૂજા"** યજમાનશ્રી (૧) પ.ભ. ગોપાલભાઈ નારણભાઈ વેકરીયા પરિવાર (૨) પ.ભ. બિરેન મહેન્દ્રભાઈ સોની પરિવાર (૩) પ.ભ. શ્રુતિબેન પંકજકુમાર ત્રિવેદી - હ. બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી **"શ્રી નરનારાયણદેવ અન્નકૂટોત્સવ, શ્રી રાધાકૃષ્ણદેવ અન્નકૂટોત્સવ, શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજ અન્નકૂટોત્સવ"** અ.નિ. સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજીની સ્મૃતિ અર્થે - હસ્તે એક હરિભક્ત.

(કોઠારી સ્વામી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી નીચેના મંદિરોમાં સત્સંગ સભાઓનું આયોજન થયું હતું

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર આર.સી.ટેકનીકલનો ૯ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૬-૨૦૨૬ ના રોજ ઉજવાયો. સભા સંચાલન સ્વા. દિવ્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. કાલુપુર મંદિરથી સંતો પધાર્યા હતા.

(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા અધિક માસ નિમિત્તે તા. ૧૪-૫-૨૦૨૬ સત્સંગ કથા-વાર્તામાં શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી અને મૂર્તિ સ્વામીએ લાભ આપ્યો હતો.

(૩) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ નિકોલ અધિક માસ નિમિત્તે તા. ૧૨ થી ૧૪ જૂન કથાનું સુંદર આયોજન થયું હતું. સ.ગુ. મહંત શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મહંત) એ કથાનો સુંદર લાભ આપ્યો હતો. સભા સંચાલન શા. દિવ્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. અત્રે એકાદશીની સભા કરવામાં આવી હતી.

(૪) નિકોલ ગામમાં માસિક સત્સંગ સભા સ્વા. દિવ્યસ્વરૂપદાસજી અને સંતો દ્વારા કરવામાં આવી હતી.

(કોઠારી સ્વામી - કાલુપુર)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં અધિક પુરુષોત્તમ માસ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમજ મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો ખૂબ ઉમંગ અને ઉલ્લાસ સાથે ઉજવાયા.

તા. ૨૩-૫-૨૦૨૬ ના રોજ પ.ભ.શ્રી કાંતિભાઈ કે. સોડવડિયા પરિવારના યજમાનપદે શ્રી ઘનશ્યામ મહારાજનું વિશેષ પૂજન, પંચામૃતથી અભિષેક, અન્નકૂટ તથા પ્રાસંગિક સભા સાથે અધિક માસ પાટોત્સવ ઉજવાયો. તા. ૩૧-૫-૨૦૨૬ ના રોજ કેસર કેરીનો અન્નકૂટ થયો હતો. તા. ૫-૬ થી ૧૧-૬-૨૦૨૬ પ.ભ.અ.નિ. વલ્લભભાઈ પી. ખીચડીયા પરિવારના મુખ્ય યજમાનપદે તથા સહયજમાનો, મહિલા મંડળ, યુવક મંડળ વગેરેના સહયોગથી કાલુપુર મંદિરના ટ્રસ્ટીશ્રી બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (જેતલપુર), એપ્રોચ મંદિરના મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજી તથા શા. સ્વામી અખંડસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીત, કીર્તન સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન થયું હતું. જે અંતર્ગત પોથીયાત્રા, રાસોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રુક્ષ્મણી વિવાહ તથા પ્રાસંગિક સભા વગેરે કાર્યક્રમો ધામધૂમથી ઉજવાયા હતા. આ પ્રસંગે જેતલપુર, બિલિયા, નારણપુરા, મથુરા વગેરે ધામોધામથી બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા અને પ્રસંગોચિત આશીર્વચન આપ્યા હતા. મંદિરમાં સોલર પેનલના સંકલ્પને સાકાર કરવા માટે દરેક દાતાઓનું મોતીની માળાથી સન્માન કરવામાં આવ્યું હતું. તા. ૧૪-૬-૨૦૨૬ ના રોજ ટોરડા, શામળાજી, ઈડર, પ્રાંતિજ અને નેત્રામલી ધામોનો સંતોની સાથે ભક્તજનોએ ધાર્મિક યાત્રા પ્રવાસ કર્યો હતો. તા. ૧૫-૬-૨૦૨૬ ના રોજ બહેનોના મંદિરમા પુરૂષોત્તમ માસ તથા ધર્મરાજાનું ઉજવણું કરવામાં આવ્યું હતું.

ગ્રીષ્મઋતુમાં અવાર-નવાર શ્રી ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા તથા મોગરો, ગુલાબ વગેરે સુગંધી ફુલોના વાઘા કરવામાં આવ્યા હતા. માસિક વિશેષ સત્સંગ સભાનું આયોજન નિયમિત થઈ રહ્યું છે. આવી રીતે વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓથી મોટી સંખ્યામાં ભક્તજનોએ દિવ્ય લાભ લીધો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

પવિત્ર અધિક માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર શિલજ શ્રી હનુમાન ચરિત્ર રાત્રીય કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર શિલજના સમસ્ત હરિભક્તો દ્વારા પવિત્ર અધિક માસમાં શ્રી હનુમાન ચરિત્રની રાત્રીય કથા તા. ૨૯-૫-૨૦૨૬ થી તા. ૩૧-૫-૨૦૨૬ દરમ્યાન સ.ગુ.શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (મહંતશ્રી નારાયણઘાટ)ના વક્તાપદે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથા અંતર્ગત શ્રી હનુમાન જયંતી, શ્રી હનુમાન સિંદુર અભિષેક અને શ્રી હનુમાન ચાલીસા આદિ થયા હતા. શિલજ અને આજુબાજુના વિસ્તારના હરિભક્તોએ કથાનો લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. (શ્રી

નરનારાયણદેવ સત્સંગ મંડળ બોડકદેવ-થલતેજ-શિલજ-સાયન્સ સીટી)

ખેરોલ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલ (તા. પ્રાંતિજ) ખાતે અધિક જેઠ પુરુષોત્તમ માસમાં ગામના સત્સંગની બહેનોએ ધૂન-ભજન-કીર્તન વિશેષ રૂપે કર્યા હતા. સમૈયોના ઉપલક્ષમાં ૨૧૨ કલાકની ધૂન કરી હતી

(મહિલા મંડળ - ખેરોલ)

જેતલપુરધામમાં પવિત્ર અધિક પુરૂષોત્તમ માસ ધામધૂમથી ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી અધિક પુરૂષોત્તમ માસમાં વર્ષ દરમ્યાન આવતા આપણા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા.

શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ : તા. ૨૧-૫-૨૦૨૬ થી તા. ૨૫-૫-૨૦૨૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન કરવામા આવ્યું હતું. જેના યજમાન પદે અ.નિ. નવિનચંદ્ર જેઠાલાલ ભટ્ટ તથા અ.નિ. વસુમતિબેન નવિનચંદ્ર ભટ્ટ પરિવારે લાભ લીધો હતો. કથામાં ગામના ભક્તો અને યજમાન પરિવારે લાભ લીધો હતો. વક્તાપદે શાસ્ત્રી સ્વામી જનમંગલદાસજીએ કથા શ્રવણ કરાવી હતી. ધામો ધામથી સંતોએ પધારી યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા.

હિમાલય દર્શન : તા. ૨૪-૫-૨૦૨૬ થી ૧૫-૬-૨૦૨૬ સુધી હિમાલય દર્શનનું ભવ્ય અલૌકિક આયોજન કરવામા આવ્યું હતું. જેતલપુરધામ અને બહાર ગામના હરિભક્તોએ આવા મહા અલૌકિક હિમાલય દર્શન કરી ખૂબ ધન્ય બન્યા હતા.

સમૂહ મહાપૂજા : તા. ૨૭-૫-૨૦૨૬ ના રોજ પ્રસાદીભૂત સભા મંડપમાં સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુર ગામ અને આજુ બાજુના ગામના ભક્તોએ લાભ લીધો હતો.

કેસર અભિષેકઃ તા. ૩૧-૫-૨૦૨૬ ને રવિવારે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કેસર અભિષેક સ્નાન વિધિ વિધિવત રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે જેતલપુર અને બહાર ગામના ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

પાટોત્સવ : તા. ૬-૬-૨૦૨૬ થી ૮-૬-૨૦૨૬ અધિક માસ પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક કથા પારાયણ રાખવામાં આવી હતી. જેના યજમાનપદે પ.ભ. નટવરભાઈ લાલજીભાઈ ઠક્કરે લાભ લીધો હતો. યજમાન પરિવારે ૩૦ વર્ષ પહેલા કરેલો સંકલ્પ પૂર્ણ થયો અને સમગ્ર પરિવારે ત્રણ દિવસ કથા શ્રવણ કરી ખૂબ રાજી થયા હતા. સ.ગુ. શા. સ્વામી જનમંગલદાસજીએ કથા શ્રવણ કરાવી હતી. ગામના અને આજુબાજુના ગામના ભક્તોએ પાટોત્સવના દર્શન અને કથાવાર્તાનો અલૌકિક લાભ લીધો હતો.

રાસોત્સવ : તા. ૭-૬-૨૦૨૬ ને રવિવારે રાત્રે રાસોત્સવ અને કીર્તન, ભક્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુરગામના ભક્તો અને આજુબાજુ ગામના ભક્તોએ લાભ લીધો હતો. આ રાસોત્સવમાં વાસુદેવભાઈ પાટડીયાએ નંદ સંતો રચિત ભગવાનના કીર્તન ગાઈ બધા ભક્તોને રાજી કર્યા હતા.

૬ કલાકની અખંડ ધૂન : તા. ૧૪-૬-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. જેમાં જેતલપુર ગામ, આદિશ્વર (નરોડા), નિકોલ, ન્યુ નિકોલ, ઘાટલોડિયા, નારોલ, વસઈ, મહિજડા અને ગામડી ગામના ભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. જેના મુખ્ય યજમાનપદે પ.ભ.શ્રી જીગ્નેશભાઈ અને સહ યજમાનપદે પ.ભ. અરૂણભાઈ ભાવસાર આદિ પરિવારજનોએ લાભ લીધો હતો. ૬ કલાક સુધી પ્રસાદીભૂત સભા મંડપમાં મહામંત્ર ધૂન કરી ભક્તો ભગવાનમય બની ગયા હતા.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ ૪૯ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણનો ૪૯ મો વાર્ષિક પાટોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. જેમાં જેતલપુર મંદિરથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) આદિ સંતોએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. આગામી ૫૦ મા પાટોત્સવના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું અને સુવર્ણ જયંતી પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય એવી સર્વ ભક્તોએ મહારાજના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર

ધર્મકુળના આશીર્વાદથી આગામી આપણા ધોળકા મંદિરમાં બિરાજમાન શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના ૨૦૦ વર્ષના ત્યોહારના ઉપલક્ષમાં મોડાસા (નાલંદા-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૪-૫-૨૦૨૬ રવિવાર ના રોજ ૨૨ યજમાનો દ્વારા હોમાત્મક મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના દરેક હરિભક્તોએ લાભ લીધો હતો. (કે.બી. પ્રજાપતિ - મોડાસા)

શ્રી સ્વામિનારાયણ મંદિર જાકાસણ ૧૧૧ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સા.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સા.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી, સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૨૧-૬-૨૦૨૬ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર જાકાસણનો ૧૧૧ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ દિવ્ય પાટોત્સવ પ્રસંગે જેતલપુરધામથી અને બાપુનગરથી સ.ગુ. જગતપ્રકાશદાસજી (કોઠારી બાપુનગર), સ.ગુ. અક્ષરપ્રિયદાસજી, સ.ગુ. અખંડસ્વરૂપદાસજી આદિ સંતોએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. પ.ભ. મનોજકુમાર જયંતિલાલ પટેલ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર, બોપલ-વણઝરની 'સમૈયો' અંતર્ગત પ્રવૃત્તિઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકૂળના રૂડા આશીર્વાદથી બોપલ તેમજ વણઝર મંદિરમાં સંતો દ્વારા થતા અથાગ અને અવિરત પ્રયત્નોના ફળ સ્વરૂપે તમામ સત્સંગી ભાઈઓ-બહેનો તેમજ બાળકો સત્સંગ, કથા-વાર્તા તથા ભજન-કીર્તન જેવી વિધવિધ પ્રવૃત્તિઓ બંને મંદિરોમાં દિન-પ્રતિદિન સત્સંગીઓની સંખ્યા વધતી જાય છે, તેમજ પરોક્ષના ભક્તો પણ પ્રસંગોપાત આપણા મંદિરમાં આવી દેવ દર્શન તથા કથા-વાર્તાનો લાભ લેતા રહે છે.

બોપલ મંદિરના ૨૧મા પાટોત્સવ નિમિત્તે તા. ૧૯-૪-૨૦૨૬ થી ૨૨-૪-૨૦૨૬ દરમ્યાન શ્રી હરિચરિત્રની રાત્રી પારાયણનું પ.ભ. શ્રી જે.ડી. ઠક્કર તથા શ્રી સચિનભાઈ કનુભાઈ ઠક્કરના યજમાન પદે આયોજન થયું હતું, જેના વક્તા શા. સ્વા. ધ્યાનપ્રિયદાસજી રહ્યા હતા. પાટોત્સવના દિવસે હરિકૃષ્ણ મહારાજના અભિષેક તેમજ અન્નકૂટના દર્શનનો લહાવો સૌ હરિભક્તોએ લીધો હતો. તેવી જ રીતે તા. ૩૦-૪-૨૦૨૬ના રોજ હરિકૃષ્ણ મહારાજને કેસર સ્નાનનો અભિષેક કરાવ્યો હતો.

બોપલ મંદિરના નિર્માતા દાતા પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ તથા તેમના વડીલબંધુ અ.નિ. ગોવિંદભાઈએ તેમના માતા પિતાના સ્મરણાર્થે તા. ૧૭-૫-૨૦૨૬ થી ૨૧-૫-૨૦૨૬ દરમ્યાન સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીના મધુર કંઠે શ્રી હરિસ્મૃતિની કથાનું આયોજન કર્યું હતું

વણઝરના શ્રી રાજુભાઈ ભીખાભાઈ પટેલ પરિવારના યજમાનપદે તા. ૧-૬-૨૦૨૬ થી ૭-૬-૨૦૨૬ સુધી હરિદ્વાર ધામમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન શ્રી ધ્યાનપ્રિયદાસજી સ્વામીના વક્તાપદે થયું હતું.

તેવી જ રીતે હરિદ્વાર ધામમાંજ ભાયલા ગામના પ.ભ. સરદારસિંહ મોતીભાઈ પરમાર પરિવારના યજમાનપદે તા. ૯-૬-૨૦૨૬ થી ૧૫-૬-૨૦૨૬ દરમ્યાન શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન ધ્યાનપ્રિયદાસજી સ્વામીના વક્તા પદે થયે હતું. દરેક કથામાં હરિભક્તોએ મોટી સંખ્યામાં પધારી લાભ લીધો હતો. ઉપરાંત દર સપ્તાહે બાળ સભા, યુવક-યુવતી સભાનું આયોજન થતું રહે છે.

(પ્રવિણ ઉપાધ્યાય - બોપલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ (કટકીયાવાડો) અધિક માસ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ (કટકીયા વાડો) અધિક માસની પૂર્ણાહુતિ પ્રસંગે સવારે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક, જનમંગલ હોમાત્મક પાઠ, મહા આરતી અને થાળ કરવામાં આવ્યા હતા. શ્રી હનુમાનજી મહારાજને સિંહાસન અપર્ણ વિધિ, મહામંત્ર ધૂન- શોભા યાત્રા, આમ્રોત્સવ અને સત્સંગી બહેનો દ્વારા ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવેલ.

તા. ૨૧-૬-૨૦૨૬ રવિવારના રોજ ૧૪ મી બાળ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. યોગ દિવસ હોવાથી આપણા ઈષ્ટદેવ શ્રી નીલકંઠવર્ણીને ગોપાલ યોગીએ યોગ શીખવ્યા હતા તે વિષે બાળકોને જ્ઞાન આપી યોગાભ્યાસ કરાવ્યો હતો. (કોઠારી પ્રકાશભાઈ - પાટણ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમા અધિક માસની ભવ્ય ઉજવણી

મૂળીધામમાં બિરાજમાન પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મૂળી ધામના મહંત સ્વામી સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી મહાપવિત્ર જેઠ માસ અધિક પુરૂષોત્તમ માસમાં તા. ૧૭-૫-૨૦૨૬ થી તા. ૧૪-૬-૨૦૨૬ આખો માસ વર્ષ દરમ્યાન આવતા નીચે મુજબના ઉત્સવો શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા. જેમા હરિભક્તોએ યજમાન બની સેવાનો સુંદર લાભ લીધો હતો.

તા. ૧૭-૫-૨૦૨૬ રવિવાર **"ગ્વાલબાલ દર્શન"**. તા. ૧૮-૫-૨૦૨૬ સોમવાર **"રથયાત્રા દર્શન"**. તા. ૧૯-૫-૨૬ મંગળવાર **"પરશુરામ જયંતી"**. તા. ૨૦-૫-૨૦૨૬ બુધવાર **"શ્રી ગણેશજીનું પૂજન"**. તા. ૨૧-૫-૨૬ ગુરુવાર **"વસંત પંચમી, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ વિગેરે દેવોનો મહાભિષેક, અન્નકૂટ દર્શન, રંગોત્સવ, શિક્ષાપત્રીનું પૂજન"**. તા. ૨૨-૫-૨૦૨૬ શુક્રવાર **"કપીલા છઠ્ઠ"**. તા. ૨૩-૫-૨૦૨૬ શનિવાર **"રાધાષ્ટમી પ્રાગટ્ય ઉત્સવ"**. તા. ૨૪-૫-૨૦૨૬ રવિવાર **"શ્રીહરિ જયંતી, રામનવમી"**. તા. ૨૫-૫-૨૦૨૬ સોમવાર **"દશેરા"**. તા. ૨૬-૫-૨૦૨૬ મંગળવાર **"જલઝીલણી ઉત્સવ"**. તા. ૨૭-૫-૨૦૨૬ બુધવાર **"વામન જયંતી પ્રાગટ્ય ઉત્સવ"**. તા. ૨૮-૫-૨૬ ગુરુવાર **"મનોરથ (હાટડી)"**. તા. ૨૯-૫-૨૦૨૬ શુક્રવાર **"નૃસિંહ જયંતી પ્રાગટ્ય ઉત્સવ"**. તા. ૩૦-૫-૨૦૨૬ શનિવાર **"ઠાકોરજીને કેશર સ્નાન"**. તા. ૩૧-૫-૨૬ રવિવાર **"પુષ્પ દોલોત્સવ"**. તા. ૧-૬-૨૦૨૬ સોમવાર **"હિંડોળા દર્શન"**. તા. ૨-૬-૨૦૨૬ મંગળવાર **"હિંડોળા દર્શન આમ્રકુંજ"**. તા. ૩-૬-૨૦૨૬ બુધવાર **"હિંડોળા દર્શન ગીરીકંદરા"**. તા. ૪-૬-૨૦૨૬ ગુરુવાર **"હિંડોળા દર્શન સાવન ભાદો"**. તા. ૫-૬-૨૦૨૬ શુક્રવાર **"હિંડોળા દર્શન ફૂટના"**. તા. ૬-૬-૨૦૨૬ શનિવાર **"હિંડોળા દર્શન કુંજગલી"**. તા. ૭-૬-૨૦૨૬ રવિવાર **"જન્માષ્ટમી"**. તા. ૮-૬-૨૦૨૬ સોમવાર **"નંદ મહોત્સવ પારણા દર્શન"**. તા. ૯-૬-૨૦૨૬ મંગળવાર **"શ્રી નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન હિમાલયમાં ગયા તે હિમાલય દર્શન"**. તા. ૧૦-૬-૨૦૨૬ બુધવાર **"હિમાલય દર્શન"**. તા. ૧૧-૬-૨૦૨૬ ગુરુવાર **"હિમાલય દર્શન વનવિચરણ"**. તા. ૧૨-૬-૨૦૨૬ શુક્રવાર **"લક્ષ્મી પૂજન"**. તા. ૧૩-૬-૨૦૨૬ શનિવાર **"શ્રી હનુમાનજીનું પૂજન, આરતી, અન્નકૂટ"**. તા. ૧૪-૬-૨૦૨૬ રવિવાર શ્રી રાધાકૃષ્ણદેવને **"છપ્પનભોગ અન્નકૂટ દર્શન"**.

(કોઠારી સ્વામી ત્યાગવલ્લભદાસજી - મૂળી)

શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળી પ્રદેશના કારોલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૭-૬-૨૦૨૬ ના રોજ અત્રે ગામના દેવ મંદિરના સાધુ, બ્રાહ્મણ પરિવારોને રસપુરીનો મહાપ્રસાદ જમાડવામાં આવેલ. દરેકને ભેટ પણ આપવામાં આવી હતી. જેમાં શ્રીજી મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (નરેન્દ્રભાઈ સોની - કારોલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જુનુ ટાવરવાળુ)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જુનું ટાવરવાળુ) ખાતે અધિક જેઠ વદ-૧૧ થી અધિક જેઠ વદ અમાસ પર્યન્ત ૧૧૧ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન અત્રે હળવદ અને આજુબાજુના ગામોના હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. તેમજ ઠાકોરજીને ૧૧૧ કિલો કેસર કેરીના રસથી અભિષેક કર્યો હતો. સાથે હોમાત્મક યજ્ઞ પણ સુંદર રીતે થયો હતો.

(બ્રહ્મદાસ સ્વામી - અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

વિદેશ સત્સંગ સમાચાર

બ્રોમલી (યુ.કે. આઈ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ મંદિર (નિર્માણાધિન)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા યુ.કે. બ્રોમલીના નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આપણા સમગ્ર ધર્મકૂળની નિશ્રામાં ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ યોજાયો હતો. ઉજવણી દરમ્યાન વૈદિક ભૂમિપૂજન, અક્ષયપાત્ર સાથે શ્રી લક્ષ્મી કુબેરજીની પૂજા આદિ વિવિધ ધાર્મિક પ્રવૃતિ થઈ હતી. સાથે શ્રી સિધ્ધિ વૃધ્ધિ શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી અને શ્રી નર્મદેશ્વર મહાદેવની ભવ્ય સ્થાપના પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકૂળના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ હતી. જેનાથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઉર્જા સાથે ભક્તિમય બની ગયું હતું. આ શુભ પ્રસંગે બ્રિટિશ રાજાશાહી તરફથી કિંગ ચાર્લ્સના પ્રતિનિધિઓ લોર્ડ રાવલ સહિતના રાજકીય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર યુ.કે.ના વિવિધ મંદિરોના કમિટી સભ્યો ટ્રસ્ટીઓ અને હરિભક્તો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આપણા અમદાવાદ મંદિરના સંતો દ્વારા ધૂન, ભજન, કીર્તન પ્રાર્થનાના પવિત્ર સ્વરોથી ગુંજતા આ અખાત્રીજ અક્ષય તૃતિયા પર્વ પ્રસંગે હરિભક્તોને શ્રધ્ધા, એકતા અને આધ્યાત્મિક આનંદનો અનોખો અનુભવ થયો હતો.

આ સમગ્ર વિસ્તારમાં આવેલું આ પ્રથમ મંદિર છે જે ૪૦૦૦૦ થી વધુ આપણા હિંદુભાઈઓ અને બહેનો લાભ લઈ શકે તેવું વિશાળ સંકુલ ઉભું થશે. અનેક પરિવારો આપણા સંપ્રદાય સાથે નવા જોડાઈ રહ્યા છે અને આપણા વૈદિક સનાતન ધર્મના રક્ષણ, સંવર્ધન તથા પ્રસાર માટે આપણું આ મંદિર અત્યંત મહત્વપૂર્ણ છે.

ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપા દ્રષ્ટિ અને ધર્મકૂળના આશીર્વાદથી ટૂંક સમયમાં ભવ્ય નવનિર્મિત મંદિરનું કાર્ય આગળ વધશે તેવી સૌના હૃદયની શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના. (બ્રોમલીના સર્વે હરિભક્તો)

હિંડોળા ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં

તા. ૩૧-૭-૨૦૨૬ થી તા. ૩૦-૮-૨૦૨૬

તિથિ	તારીખ	વાર	હિંડોળા
અષાઢ વદ-૨	૩૧-૭	શુક્રવાર	ફુલ
અષાઢ વદ-૩	૧-૮	શનિવાર	પેચ
અષાઢ વદ-૪	૨-૮	રવિવાર	રાજહંસ
અષાઢ વદ-૫	૩-૮	સોમવાર	રેશમ દોરી
અષાઢ વદ-૬	૪-૮	મંગળવાર	રંગોળી
અષાઢ વદ-૭	૫-૮	બુધવાર	માચીસની સળી
અષાઢ વદ-૮	૬-૮	ગુરુવાર	ઝરી
અષાઢ વદ-૯	૭-૮	શુક્રવાર	પેપર આર્ટ
અષાઢ વદ-૧૦	૮-૮	શનિવાર	ચોકલેટ
અષાઢ વદ-૧૧ **અગિયારશ**	૯-૮	રવિવાર	સુકોમેવો
અષાઢ વદ-૧૨/૧૩	૧૦-૮	સોમવાર	નંગ
અષાઢ વદ-૧૪	૧૧-૮	મંગળવાર	શાકભાજી
અષાઢ વદ-૩૦	૧૨-૮	બુધવાર	ચોકલેટ
શ્રાવણ સુદ-૧	૧૩-૮	ગુરુવાર	ફુલ
શ્રાવણ સુદ-૨	૧૪-૮	શુક્રવાર	ડાયમંડ પેચ
શ્રાવણ સુદ-૩	૧૫-૮	શનિવાર	તિરંગા ધ્વજ
શ્રાવણ સુદ-૪	૧૬-૮	રવિવાર	ચલણી નોટ
શ્રાવણ સુદ-૫	૧૭-૮	સોમવાર	દ્રાક્ષ
શ્રાવણ સુદ-૬	૧૮-૮	મંગળવાર	મુખવાસ
શ્રાવણ સુદ-૭	૧૯-૮	બુધવાર	ફૂટ
શ્રાવણ સુદ-૮	૨૦-૮	ગુરુવાર	મયુરકલા
શ્રાવણ સુદ-૯	૨૧-૮	શુક્રવાર	સૂકોમેવો
શ્રાવણ સુદ-૧૦	૨૨-૮	શનિવાર	લીપણ આર્ટ
શ્રાવણ સુદ-૧૧ **અગિયારશ**	૨૩-૮	રવિવાર	પવિત્રા
શ્રાવણ સુદ-૧૨	૨૪-૮	સોમવાર	ડાયમંડ
શ્રાવણ સુદ-૧૩	૨૫-૮	મંગળવાર	મોતી
શ્રાવણ સુદ-૧૩	૨૬-૮	બુધવાર	કંતાન આર્ટ
શ્રાવણ સુદ-૧૪	૨૭-૮	ગુરુવાર	કાચ
શ્રાવણ સુદ-૧૫ **પૂનમ**	૨૮-૮	શુક્રવાર	રાખડી
શ્રાવણ વદ-૧	૨૯-૮	શનિવાર	વાસણ
શ્રાવણ વદ-૨	૩૦-૮	રવિવાર	ગ્લાસ પેઈન્ટીંગ

નોંધ : હિંડોળાની સેવા કોઠાર ઓફિસમાં લખવામાં આવે છે - સંપર્ક : 82380 01666

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

અધિક જેઠ સુદ-૧ પ.ભ. ડાહ્યાભાઈ હરગોવિંદભાઈ પટેલ (નાના ચિલોડા), અ.નિ. ડાહીબેન નારણભાઈ પટેલ (બિલાસીયા), પ.ભ. હરિકૃષ્ણભાઈ ભોળાભાઈ પટેલ (વિહાર), પ.ભ. ગણેશભાઈ મગનભાઈ પટેલ (બામરોલી), પ.ભ. ધર્મેન્દ્રભાઈ ગૌરાંગભાઈ સોની (અમદાવાદ), પ.ભ. વત્સલ કમલેશભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક જેઠ સુદ-૨** પ.ભ. જટાશંકર બાપા (ઈન્દૌર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. વિભાબેન મહેન્દ્રભાઈ પટેલ (ઝુંડાલ). **અધિક જેઠ સુદ-૩** સત્સંગી બહેનો (અમદાવાદ), કથાના યજમાન અ.નિ. અમૃતલાલ જગજીવનદાસ પટણી, અ.નિ. કાંતાબેન અમૃતલાલ પટણી (વઢવાણવાળા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક જેઠ સુદ-૪** પ.ભ. વાઘજીભાઈ શિયાણી (રામપર-વેકરા-કચ્છ), ભક્તિ મહિલા મંડળ (સુરત), પ.ભ. ભરતભાઈ બાબુભાઈ દૂધાત (સુરત), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક જેઠ સુદ-૫** પ.ભ. પ્રવિણભાઈ કાંતિલાલ પટેલ (સોજા), શ્રી સ્વામિનારાયણ મંદિર (સોખડા), અ.નિ. પુરુષોત્તમભાઈ એફ. ચૌહાણ (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક જેઠ સુદ-૭** પ.ભ. એસ. એચ. કે. (અમદાવાદ), પ.ભ. દેવેન્દ્રભાઈ ઝવેરલાલ પંડ્યા (ચાંદખેડા) પ.ભ. રામદાસબાપા પરિવાર (ઉનાવા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક જેઠ સુદ-૮** પ.ભ. વેદાંત નિલેશકુમાર પટેલ (માણસા), પ.ભ. ગોરધનભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ (હીરાપુરા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ઈન્દુબેન બળવંતભાઈ લોહાર (ન્યુ રાણીપ), પ.ભ. જયંતીભાઈ ભવાનભાઈ પટેલ (ડુમાણા), અ.નિ. મહેન્દ્રસિંહ (ડાંગરવા), પ.ભ. અમૃતબેન ગોવિંદભાઈ (હીરાપુરાવાળા), પ.ભ. જીલ જય પટેલ (ઝુંડાલ). **અધિક જેઠ સુદ-૯** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મંગુબેન સોમદાસ પટેલ (સોલા), શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ કોલોની), પ.ભ. ભગવાનભાઈ નરશીભાઈ (અમદાવાદ), પ.ભ. દિનેશભાઈ ધનજી પટેલ (અમદાવાદ), પ.ભ. પૂજનબેન આર. લુણાગરીયા (અમદાવાદ), પ.ભ. રામદાસ બાપા પરિવાર પટેલ (ઉનાવા). **અધિક જેઠ સુદ-૧૦** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. મંજુલાબેન પોપટભાઈ કોઠારી (ધમાસણા), પ.ભ. પ્રફુલાબેન બારોટ (ગાંધીનગર), પ.ભ. મંજુલાબેન કરશનભાઈ (નિકોલ), પ.ભ. ઉર્મિલાબેન દિનેશચંદ્ર પટેલ (નરોડા), શ્રી સ્વામિનારાયણ મંદિર (માંડવી-કચ્છ). **અધિક જેઠ સુદ-૧૧** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ભરતભાઈ કરશનભાઈ પરમાર (માલણીયાદ), પ.ભ. નિલેશભાઈ કાંતિભાઈ પટેલ (લસુન્દ્રા). **અધિક જેઠ સુદ-૧૧** પ.ભ. ગણપતભાઈ હંસરાજભાઈ પટેલ (ગેરીતા), પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. નિલેશકુમાર કનૈયાલાલ ગામી (ડભાણ). **અધિક જેઠ સુદ-૧૨** મહિલા મંડળ સત્સંગ - હવેલી (અમદાવાદ), પ.ભ. મનિષાબેન ગોપાલભાઈ (ઝુંડાલ), અ.નિ. અરવિંદભાઈ મફતભાઈ પટેલ (ડાંગરવા), અ.નિ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, અ.નિ. લાલજી ભગત (કુંડળ), પ.ભ. દયાબેન (અમદાવાદ), અ.નિ. જીમીલ જીગ્નેશભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. વિઠ્ઠલદાસ પ્રેમચંદદાસ ભાવસાર (સરસપુર), પ.ભ. રતનબેન નાનજીભાઈ હિરાણી (સુખપર-કચ્છ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. લક્ષ્મીબેન લાલભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. બિપીનભાઈ દવે તથા નલિન દવે, પ.ભ. પટેલ રમણભાઈ દ્વારકાદાસ (મહેસાણા), પ.ભ. મૌલિક મગનભાઈ ડોબરીયા, પ.ભ. વિશ્વા નિલેશકુમાર પટેલ (માણસા), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (બાપુનગર), ગોપી મંડળ (બાપુનગર), મહિલા મંડળ - હવેલી (કાલુપુર), પ.ભ. કાંતાબેન કૃષ્ણભાઈ પટેલ (અમદાવાદ), શ્રી ધર્મભક્તિ મહિલા મંડળ (સુરત). **અધિક જેઠ સુદ-૧૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. સોનલબેન પટેલ (અમદાવાદ), અ.નિ. કાંતાબેન સવજીભાઈ પટેલ (કડી-નરસીપુરા). **અધિક જેઠ સુદ-૧૪** પ.ભ. સતીષભાઈ ડાહ્યાભાઈ પટેલ (સાપાવાડા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ (ગાંધીનગર), અ.નિ. શારદાબેન વિનુપ્રસાદ પટેલ (દહેગામ), પ.ભ. રેખાબેન કમલેશભાઈ પટેલ (સલાલ), પ.ભ. જયભાઈ ભરતભાઈ કાનાણી (નિકોલ), પ.ભ. અનસુયાબેન રમણભાઈ સોની (ગોતા). **અધિક જેઠ સુદ-૧૫** પ.ભ. પટેલ પુરીબેન વિઠ્ઠલદાસ (મોખાસણ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. હર્ષદભાઈ હરિભાઈ મોદી (વડનગર), પ.ભ. ભારતીબેન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. સંદિપભાઈ જયરામભાઈ (અમદાવાદ).

અધિક જેઠ વદ-૧ પ.ભ. રજનીકાબેન રમેશભાઈ મોદી (લાંભા), પ.ભ. રૂખીબેન અંબાલાલભાઈ (ગવાડા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ (ગાંધીનગર), પ.ભ. ભગવાનભાઈ લવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સતિષભાઈ જે. ભાવસાર (અમદાવાદ), પ.ભ. મુળજીભાઈ નારણભાઈ પટેલ (ઘાટલોડિયા), પ.ભ. ભીખાભાઈ નારણભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. ક્રિશીવ હરિકૃષ્ણભાઈ રાખોલીયા (અકાળા). **અધિક જેઠ વદ-૨** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. રતનબાઈ કરસનભાઈ જીણા જેસાણી (બળદિયા-કચ્છ), પ.ભ. હિતેષભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. વાલીબેન મનસુખભાઈ (સંતરામપુર), પ.ભ. કેવળભાઈ રાઘવજીભાઈ પટેલ (થોરી મુબારક), અ.નિ. ચંપાબેન ગોરધનભાઈ (વિસતપુરા). **અધિક જેઠ વદ-૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. લક્ષ્મણ નાનજી કેરાઈ (માંડવી-કચ્છ), પ.ભ. પ્રદીપસિંહ કેસરીસિંહ ચુડાસમા (જામનગર), પ.ભ. રામબાઈ ભીમજી વાઘજીયાણી (સુખપુર-કચ્છ). **અધિક જેઠ વદ-૪** કથાના યજમાન અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની પરિવાર (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મહેન્દ્રભાઈ વનરાવનભાઈ ઝરોડીયા (પચ્છમ), પ.ભ. વિમળાબેન પશાભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. જીતેનભાઈ મણીયાર (સુરેન્દ્રનગર), પ.ભ. અમિતકુમાર રામજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જશુભાઈ છગનભાઈ પટેલ (ધનસુરા). **અધિક જેઠ વદ-૫** અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની પરિવાર (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ભેરારામ વાલી સત્સંગ સમાજ (વાલી-રાજ.), અ.નિ. જયસુખભાઈ મોતીભાઈ (રાજકોટ), અ.નિ. અમરબેન ધનજીભાઈ હીરાણી (માંડવી-કચ્છ), પ.ભ. પૃથ્વી, મૃન્દા, સુરેશ પંચાલ (અમદાવાદ), અ.નિ. અમરબા ધનજી હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. ચૌધરી સવિતાબેન વિષ્ણુભાઈ. **અધિક જેઠ વદ-૬** પ.ભ. જીગ્નેશભાઈ રજનીભાઈ મહેતા, અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની (અમદાવાદ), પ.ભ. વર્ષાબેન દિનેશકુમાર સુથાર (અમદાવાદ), પ.ભ. હર્ષદકુમાર રાકેશભાઈ (આંબલીયાસણ),

શ્રી સ્વામિનારાયણ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પ.ભ. વિનોદકુમાર નાનાલાલ ધોળકીયા (અમદાવાદ), પ.ભ. મધુબેન શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અશોકભાઈ બેચરભાઈ પટેલ, પ.ભ. ભાનુબેન જાદવાણી. **અધિક જેઠ વદ-૭** પ.ભ. શ્વેતા લાખાણી, અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની (અમદાવાદ), પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ચોકસી મનિષભાઈ જીતેન્દ્રભાઈ (અમદાવાદ), પ.ભ. સંજય કાંતિલાલ પટેલ (પુંધરા), અ.નિ. કનુભાઈ છગનભાઈ મકવાણા (અમદાવાદ), પ.ભ. વિશાલ અમૃતલાલ આદેસરા, પ.ભ. ચિંતનકુમાર અરવિંદભાઈ (કલોલ), પ.ભ. વિશ્વ દક્ષેશભાઈ પટેલ (ઉનાવા-ચાંદખેડા), પ.ભ. કલ્પનાબેન એમ. પટેલ (શાહીબાગ), પ.ભ. નાથાલાલ છબાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હાર્દિકભાઈ જેઠુભાઈ સગર (વઘાડા), પ.ભ. રઘુવીર એન. અમીન, પ.ભ. ભાવનાબેન દિનેશભાઈ પટેલ (રાજપર), પ.ભ. યામીનીબેન મીહીરભાઈ ઠાકર (અમદાવાદ), સત્સંગ મહિલા મંડળ (ટ્રેન્ટ), પ.ભ. અશ્વિનભાઈ શામજીભાઈ દોંગા (કર્મશક્તિ), પ.ભ. સાંકળચંદ રેવાભાઈ પટેલ (વિહાર), પ.ભ. ગણપતભાઈ નાગરભાઈ પટેલ (ખંડેરાવપુરા). **અધિક જેઠ વદ-૮** અ.નિ. મગનભાઈ પ્રેમજીભાઈ પોરીયા, અ.નિ. નવીનભાઈ જટાશંકર શાહ, અ.નિ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. હંસાબેન બાબુલાલ સોની પરિવાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. બાબુભાઈ છોટાભાઈ પટેલ (ઉવારસદ), પ.ભ. પ્રજ્ઞેશ નવીનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જયેશભાઈ હરિભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. સંતોકબેન જી. પટેલ. **અધિક જેઠ વદ-૯** પ.ભ. નટવરલાલ શર્મા (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. ઘનશ્યામભાઈ વશરામભાઈ રાઠોડ (નિકોલ), પ.ભ. ઘનશ્યામભાઈ હરિભાઈ પરીખ (અમદાવાદ), પ.ભ. નટવરલાલ લાલજીભાઈ ઠક્કર (ધોળકા), પ.ભ. ખીમજી વેલજી પીંડોરીયા (નારણપર-કચ્છ), પ.ભ. જય સીયારામ દેવુ ભગત મોઢા (રાણા-કંડોરણા), પ.ભ. જીગ્નેશભાઈ ઠાકર (અમદાવાદ). **અધિક જેઠ વદ-૧૦** પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ભીખાભાઈ અખાભાઈ રાજપુત, પ.ભ. કિંજલબેન દાણી (અમદાવાદ), પ.ભ. સોનલબેન સંજયભાઈ પટેલ (કુડાસણ), પ.ભ. કાંતાબેન ગોરધનભાઈ બારસીયા (રાજકોટ), પ.ભ. ગોરધનભાઈ રામજીભાઈ બારસીયા (રાજકોટ), પ.ભ. કમલેશભાઈ બાબુલાલ પટેલ (મારૂસણા), પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ (અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (હળવદ-ભક્તિનગર), પ.ભ. કેયુરભાઈ હિરેનભાઈ પટેલ (મેમનગર), સરજુ મહિલા મંડળ (ચાંદખેડા), પ.ભ. અ.નિ. અવલબેન મરઘાભાઈ પટેલ (ઉનાવા). **અધિક જેઠ વદ-૧૧** પ.ભ. અ.નિ. માવજી મુળજી ભુડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ (ગાંધીનગર), પ.ભ. પૂર્ણિમાબેન દિપેન્દ્રકુમાર સોની (અમદાવાદ), અ.નિ. કો. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી (વડતાલ), પ.ભ. વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ (વસ્ત્રાલ), પ.ભ. દિવાળીબેન કાનજીભાઈ પોરીયા (બોડકદેવ), પ.ભ. નલીનીબેન દવે (ઓસ્ટ્રેલીયા). **અધિક જેઠ વદ-૧૨** પ.ભ. અ.નિ. માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર (સરસપુર), પ.ભ. સુમિત ઠક્કર, પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ (ગાંધીનગર), પ.ભ. અ.નિ. મંગુબેન વિનુભાઈ કોઠારી, પ.ભ. પ્રવિણભાઈ લાલભાઈ પટેલ (કલોલ), પ.ભ. ચંદ્રકાંતભાઈ એન. રાઠોડ, પ.ભ. પુષ્પાબેન બળદેવભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ. અ.નિ. ગણપતભાઈ ભગવાનભાઈ પટેલ, પ.ભ. પ્રતિકભાઈ અશોકભાઈ, પ.ભ. કરસન પ્રેમજી હિરાણી, પ.ભ. અ.નિ. દિવાબેન છગનલાલ પટેલ (રડોદરા), પ.ભ. તનુકુમાર કે. ડોબરીયા, પ.ભ. નંદુભાઈ કેશવભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. સોમ્યકુમાર પ્રફુલકુમાર દ્વિવેદી (યુ.એસ.એ.), એચ. કે. ટ્રાવેલ્સ - હ. પ.ભ. હરૂભાઈ (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ ચાવડા (બળોલ-ભાલ), શ્રી સ્વામિનારાયણ સત્સંગ મહિલા મંડળ (મોટેરા), પ.ભ. ગોપાલભાઈ ચતુરભાઈ પટેલ (કુડાસણ) પ.ભ. ઉષાબેન મુકેશકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. કોકીલાબેન નટવરભાઈ પટેલ (સાબરમતી). **અધિક જેઠ વદ-૧૩** પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. રમેશભાઈ કેશાભાઈ પટેલ (વહેલાલ), પ.ભ. અમૃતલાલ વિરજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અનિતાબેન કેશવલાલ પટેલ (પ્રાંતિયા), પ.ભ. કમલેશભાઈ નથ્થુદાસ પટેલ, પ.ભ. ભગવતીબેન નયનકુમાર પટેલ (હીરાપુરા), પ.ભ. મણીલાલ સરદારજી ચૌધરી (સમૌ), પ.ભ. મહેશભાઈ નાગજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિલેશભાઈ સોમચંદભાઈ કોટક (અમદાવાદ), પ.ભ. ભગવતીબેન ચીમનલાલ મોદી, પ.ભ. પ્રજ્ઞાબેન સંજયભાઈ (વડોદરા), પ.ભ. અ.નિ. વર્ષાબેન પટેલ (ચાંદખેડા). **અધિક જેઠ વદ-૩૦** પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), રજનીકાંતભાઈ પ્રભુદાસ મોદી (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ મનસુખભાઈ પટેલ (સંતરામપુર), પ.ભ. ભારતીબેન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. અ.નિ. કાનદાસ કરસનદાસ (વડુ), પ.ભ. તેજલબેન સતિષકુમાર (વડુ), પ.ભ. નિલેષ અને જેનિલ (વડુ), પ.ભ. ઘનશ્યામભાઈ કાનદાસ (વડુ), પ.ભ. દિનેશભાઈ નારાયણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દ્વિજા ભાવિનકુમાર પટેલ (કોબા), પ.ભ. લલિતાબેન ભરતકુમાર ભાવસાર (વડનગર), સાંખ્યયોગી મંજુબા તથા સાંખ્યયોગી ભારતીબા (કાલુપુર-હવેલી), પ.ભ. સી. એમ. પરિવાર (કલોલ), પ.ભ. રેખાબેન ભરતભાઈ ગોર (અમદાવાદ), પ.ભ. અ.નિ. સજનબા ભરતસિંહ ઝાલા (ગોધાવી), પ.ભ. અ.નિ. વેલીબાઈ દેવજીભાઈ સંઘાણી (અમદાવાદ), પ.ભ. અપૂર્વ ભરતભાઈ (નારદીપુર), પ.ભ. વિજયભાઈ એન. અમીન (વડોદરા), પ.ભ. કરમશીભાઈ અમરશીભાઈ સવાણી, પ.ભ. ધીરૂભાઈ જેસંગભાઈ પટેલ, પ.ભ. શારદાબેન કાંતિલાલ પટેલ (રાજકોટ), પ.ભ. અરવિંદભાઈ નારણભાઈ પટેલ (રાણીપ), પ.ભ. ઘનશ્યામભાઈ ચિમનલાલ પટેલ (મારૂસણા), શ્રીજી ભરોસે - હ. ભૂમિત (નિકોલ), પ.ભ. ઘનશ્યામભાઈ મગનદાસ પટેલ (ઈટાદરા), પ.ભ. ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ (શીલજ), પ.ભ. ભૂપેન્દ્રકુમાર ઠક્કર (અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મંદિર (ઝુંડાલ), પ.ભ. કુમુદબેન કાંતિલાલ દાણી, પ.ભ. મધુબેન જેઠાભાઈ પટેલ (બાયડ), પ.ભ. અક્ષર બળદેવભાઈ પટેલ, પ.ભ. નારણ વિશ્રામ હિરાણી, ન્યાલકરણ ગ્રૂપ, શ્રી સ્વામિનારાયણ મંદિર (ડેમાઈ), પ.ભ. જીગરભાઈ રમેશભાઈ પટેલ (વસ્ત્રાલ), પ.ભ. પ્રેમજી લક્ષ્મણ હાલાઈ (સુખપર-કચ્છ), પ.ભ. લલિતાબેન ઘનશ્યામભાઈ પટેલ (આનંદપુરા), શ્રીહરિ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. શાંતાબેન શંકરભાઈ પટેલ (હીરાપુર), પ.ભ. હરેન્દ્ર દુર્ગાશંકર શુકલ (અમદાવાદ), પ.ભ. સંતોકબેન ચૌધરી તથા બી.કે. ચૌધરી (માણેકપુર), પ.ભ. ભગવાનભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ (સુરત).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji



માંડવી (કચ્છ) મંદિરમાં વૃંદાવન સેવા અમૃત મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



લુણાવાડા મંદિરમાં અધિક માસમાં કથા પારાયણ પ્રસંગે યુવકો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી



વૃક્ષારોપણ અભિયાન માટે શ્રી નરનારાયણદેવ દેશના સંતો અને હરિભકતોની પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં મિટિંગ



ધોળકાના ૨૦૦ માં પાટોત્સવ ''ત્યોહાર''ના સૂચિત સ્થળનું સંતો મહંતો સાથે નિરીક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



છપૈયા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન



ગાંધીનગર સેક્ટર-૨ તથા ઉનાવા મંદિરમાં અધિક માસ દરમ્યાન કેસર સ્નાન



વડનગર મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘા દર્શન





કાંકરિયા મંદિરમાં અધિક માસ દરમ્યાન ઠાકોરજીને ચંદનના વાઘા તથા હિમાલય દર્શનને ખુલ્લું મૂકતા અમદાવાદ અને કાંકરિયા મંદિરના મહંત સ્વામી



જેતલપુર મંદિરમાં અધિક માસ દરમ્યાન ઠાકોરજીને અભિષેક તથા કથા પારાયણ

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



અમદાવાદ મંદિરમાં ઠાકોરજીને કેસર સ્નાન કરાવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં પૂનમે નિયમિત યોજાતી સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી






અમદાવાદ મંદિરમાં અધિકમાસ દરમ્યાન કથા પારાયણનો લાભ લેતા હરિભક્તો



અમદાવાદ મંદિરમાં અધિકમાસ દરમ્યાન સમૂહ મહાપૂજામાં લાભ લેતા હરિભક્તો





Praful Kharsani